MANOGAT • Year-36 • Issue-24 • 25 March 2018 • Chaitra Sud 8, Samvat 2074 • Yugabd 5120 • Price : Rs. 5/- • Pages : 28






# मनोगत

## ૬ એપ્રિલ
## ભાજપ સ્થાપના દિન



## ॥ ચરૈવેતિ ચરૈવેતિ ॥







# વનબાંધવોની રાખે દરકાર
# ગુજરાતની સંવેદનશીલ ભાજપ સરકાર

**વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ**
**રૂા. ૧૩,૨૭૮ કરોડની વિશેષ જોગવાઈ**

## આદિજાતિ છાત્રોને અદ્યતન શિક્ષણસુવિધા

- આદિજાતિ વિસ્તારમાં ૯૧ નવોદય પેટર્નની રેસિડેન્સિયલ શાળાઓ દ્વારા ૩૦,૧૭૨ આદિજાતિ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ
- મેડિકલના અભ્યાસમાં પ્રવેશ માટે ૬૯૭૫ આદિજાતિના વિદ્યાર્થીઓને આપ્યું ખાસ કોચિંગ, છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૬૩૦ વિદ્યાર્થીઓને મળ્યો મેડિકલમાં પ્રવેશ
- ૬ મુખ્ય શહેરોમાં સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના સમરસ છાત્રાલયની સ્થાપના, ૩૧૫૦ આદિજાતિ છાત્રોને રહેવા-જમવાની સુવિધા
- નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી થશે કાર્યાન્વિત

## આદિજાતિઓના સ્વાસ્થ્યની સંભાળ

- રાજ્યના ૯૦ લાખ આદિજાતિ લોકોનું સિકલસેલ એનિમિયા માટે સ્ક્રિનીંગ પૂર્ણ, આદિજાતિના દર્દી માટે વાર્ષિક રૂા.૬૦૦૦/-ની સહાય : સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખાસ વોર્ડ ઊભા કરાયા
- દૂધ સંજીવની યોજના : તમામ આદિજાતિ તાલુકાની આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓનાં ૨૦ લાખથી વધુ બાળકોને ફોર્ટિફાઈડ ફ્લેવર્ડ દૂધનો લાભ

## આદિજાતિ ખેડૂતો ખુશહાલ

- વનઅધિકાર ધારા હેઠળ ૮૩,૮૭૮ આદિજાતિ પરિવારોને ૧,૨૬,૯૧૫ એકર જમીન ખેડવાના અધિકાર સુપ્રત, ૪૯,૦૦૦ કુટુંબોની જમીન-માપણી પૂર્ણ, ૭/૧૨ અને ૮-અના મહેસૂલી રેકર્ડમાં બીજા હક્કની નોંધ, ૪૬૫૯ સામૂહિક દાવા અને ૯૩૯ માળખાકીય સુવિધાઓ માટેના દાવાઓને મંજૂરી
- કૃષિ વૈવિધ્યકરણ : આદિજાતિના ૫ લાખથી વધુ ખેડૂતોને સુધારેલ બિયારણ, ખાતર, મંડપ યોજના હેઠળ લાભ
- આદિજાતિ મહિલાઓને ૧,૧૪,૩૪૩ દૂધાળાં પશુ આપી આત્મનિર્ભર બનાવવાનો સફળ પ્રયાસ

## આદિજાતિઓનો આર્થિક વિકાસ

- ૮ સ્ટેટ ઓફ આર્ટ કક્ષાનાં વ્યવસાયિક તાલીમ કેન્દ્ર દ્વારા ૪૯,૪૭૯ આદિજાતિ યુવાનોને તાલીમ, ૩૫,૦૦૦નું સીધી રોજગારી સાથે જોડાણ
- ૨૪ પરંપરાગત હાટ બજારને અદ્યતન સુવિધાઓ સાથે ઊભાં કરી આદિજાતિ વિસ્તારમાં આર્થિક વિકાસને આપ્યો વેગ, ચાલુ વર્ષે ૧૦ નવાં હાટને મંજૂરી
- અંતરિયાળ આદિજાતિ વિસ્તારમાં 'ફાઈનાન્સિયલ ઈન્ક્લુશન' હેઠળ ૨૯ એ.ટી.એમ.ની સ્થાપના, ૩ લાખ જેટલાં કુટુંબોનું બેંક સુવિધા સાથે જોડાણ

## પેસા એક્ટના અમલથી આદિજાતિઓનું સશક્તિકરણ

- ગૌણ વનપેદાશના માલિક હવે ગ્રામસભા અને આદિવાસી સમાજ
- ગૌણ વનપેદાશના વેચાણની સંપૂર્ણ આવક એકત્રિત કરનારના ખાતામાં સીધી જમા
- પરવાનો લઈ ગૌણ ખનિજ વાપરવાનો મળ્યો અધિકાર

**આદિજાતિ સમુદાયને સમાજની મુખ્યધારામાં લાવવા સરકાર પ્રયત્નશીલ - શ્રી નીતિનભાઈ પટેલ**

Year - 36 • Issue - 24 • Pages-28


- ૬ એપ્રિલ : ભાજપા સ્થાપના દિન ૪
- ભાજપ સરકારના આગવા સમાચાર ૭
- ભાજપા સરકારની પારદર્શક શાસનવ્યવસ્થા ૧૦
- ખેડૂતલક્ષી નિર્ણયોથી ગુજરાત આજે પણ કૃષિક્ષેત્રે દેશભરમાં પ્રથમ સ્થાને ૧૪
- શહેરો-નગરોને વધુ ધબકતાં કરવા રાજ્ય સરકારનો નિર્ધાર ૧૬
- આંતરમાળખાકીય સવલતોના નિર્માણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર ૧૭
- વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યોએ કરેલી મારામારીનો દિવસ ગુજરાતની લોકશાહીમાં કોંગ્રેસના નામે કાળા અક્ષરે લખાશે ૧૯
- 'આનંદીબહેન પટેલ-કર્મયાત્રી' પુસ્તકનું વિમોચન ૨૩
- અમારા માટે દેશ સૌ પ્રથમ છે દેશ માટે શહીદ થનાર પ્રથમ છે ૨૫
- બ્રહ્મલીન થયા જગદ્‌ગુરુ જયેન્દ્ર સરસ્વતી ૨૬



પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.




## તંત્રીસ્થાનેથી

### ૬ઠ્ઠી એપ્રિલ - ભાજપ સ્થાપના દિન

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૬ઠ્ઠી એપ્રિલ - ભાજપ સ્થાપના દિન.

ભારતીય રાજનીતિમાં 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ'ના વિચાર સાથે પહેલાં જનસંઘ અને ત્યારબાદ 'ભાજપ' દ્વારા અવિરત, અવિરામ, અવિચલ યાત્રા ચાલી રહી છે.

આપણા વિચારને રાજકીય સફળતા પણ અભૂતપૂર્વ મળી રહી છે. આજે પંચાયતથી પાર્લમેન્ટ અને પશ્ચિમથી પૂર્વ સુધી સત્તાનાં સૂત્રો સંભાળવા આપણને મળ્યાં છે.

પરંતુ મિત્રો, આપણું લક્ષ્ય 'સત્તા કે સિંહાસન' ન ક્યારેય હતું ન અત્યારે પણ છે. પથ કા અંતિમ લક્ષ્ય સિંહાસન ચઢતે જાના નહીં હૈ. આપણું લક્ષ્ય તો - વ્યક્તિના ચરિત્ર્ય-નિર્માણ દ્વારા શ્રેષ્ઠ સમાજના નિર્માણ થકી રાષ્ટ્રનું નિર્માણ છે.

સુશાસનના માધ્યમથી એ અંતિમ વ્યક્તિ સુધી પહોંચવું છે જ્યાં હજી પણ કોઈ ને કોઈ સ્વરૂપે 'અંધકાર' પડ્યો છે.

દેશને કોઈને કોઈ સ્વરૂપે નુકસાન કરનારાં તત્ત્વો નવાં-નવાં સ્વરૂપ ધારણ કરતાં જ રહે છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના વિરોધીઓ બિનસાંપ્રદાયિકતાનો દંભી પહેરવેશ પહેરી કહેવાતી બુદ્ધિનો આંચળો ઓઢીને દેશને ખોખલો કરવા તત્પર જ રહેતા હોય છે ત્યારે -

આવો, આપણે સૌ એક બની, પ્રજાજનોની સાથે રહી, આપણા નેતૃત્વના વિનમ્ર પ્રયાસમાં આપણી જાતને પૂરી શ્રદ્ધા સાથે જોડી રાષ્ટ્રનિર્માણના યજ્ઞમાં આહુતિ અર્પતા રહીએ. ચાલતા રહીએ.

ચરૈવેતિ... ચરૈવેતિ...

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



## ૬ એપ્રિલ : ભાજપા સ્થાપના દિન

# સંનિષ્ઠ કાર્યકર્તાઓના પુરુષાર્થ, તપ, ત્યાગ, સમર્પણ અને સંકલ્પના પરિણામ સ્વરૂપ ભાજપાનું વિરાટ સ્વરૂપ



આઝાદી બાદ પહેલીવાર ભારતની પ્રજાએ કેન્દ્રમાં બિન કોંગ્રેસી સરકાર રચવા ભારતીય જનતા પક્ષમાં વિશ્વાસ મૂકી, કોઈ એક પક્ષને લોકસભામાં જંગી બહુમતી આપી. ૨૦૧૪ની છેલ્લી લોકસભાની ચૂંટણીઓમાં ભાજપના ૨૭૪ સંસદ સભ્યોને ચૂંટી કેન્દ્રમાં શાસન સંભાળવા પ્રજાએ ચુકાદો આપ્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિજય બાદ આ વિજયની સફળતાનો યશ ભાજપના લાખો કાર્યકર્તાઓને આપતાં કહ્યું હતું કે, ભાજપાના લાખો સંનિષ્ઠ કાર્યકર્તાઓના તપ, ત્યાગ, પુરૂષાર્થ, સમર્પણ અને સંકલ્પનું આ પરિણામ છે. દુનિયામાં સૌથી મોટી કાર્યકર્તાઓની પાર્ટી એટલે ભાજપ કર્મઠ, કર્તવ્યશીલ અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓ ભાજપની ઓળખ છે. ભાજપાની મૂડી એમના કાર્યકર્તાઓ છે. એટલે જ ભાજપાની રજત જયંતી વર્ષ નિમિતે શ્રી લાલકૃષ્ણ અડવાણીજીએ કહ્યું હતું કે, રજત જયંતી વર્ષના સાચા ''હિરો'' એમના કાર્યકર્તાઓ છે.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે પણ ભાજપાના કાર્યકર્તાને બિરદાવવા કહ્યું છે કે, રાષ્ટ્ર અને દુનિયા સમક્ષ ભાજપાનું જે વિરાટ સ્વરૂપ આજે ઊભું છે, તેના મૂળમાં ભાજપાના લાખો કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓએ વિકસાવેલી તેમની આગવી કાર્યપદ્ધતિ છે.

શ્રી અટલ બિહારી વાજપેયીએ ભાજપના સ્થાપના દિનના પ્રથમ અધિવેશનમાં અધ્યક્ષીય પ્રવચન કરતાં કહ્યું હતું કે, 'અંધારું હટશે, સૂરજ નીકળશે અને કમલ સારાય દેશમાં ખીલશે.' અટલજીના આ શબ્દો આજે અક્ષરશઃ સાચા પડ્યા છે. કોંગ્રેસ શાસનકાળના અંધારારૂપી ભ્રષ્ટાચાર, મોંઘવારી, કૌંભાંડો અને ગરીબાઈ દૂર થયાં છે. કોગ્રેંસના કુશાસનનાં કારનામાંઓ પૂરાં થયાં છે. આજના ભાજપના સુશાસનમાં વિકાસનાં ફળ સૌ કોઈને ચાખવા મલ્યાં છે. કમલ સારાય દેશમાં ખીલી ઊઠ્યું છે.

પં. દીનદયાળજીને જયારે સંઘના પ્રચારકમાંથી જનસંઘમાં જવાબદારી સોંપવામાં આવી ત્યારે દીનદયાળજીએ કહ્યું હતું કે, આપણા માટે સત્તા કે પદ ભોગવતાનું સાધન નથી. આપણે સત્તા અને સુશાસનના માધ્યમ દ્વારા વિકાસનાં મીઠાં ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનાં છે.

૨૦૧૪માં ભાજપાએ ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી દેશવાસીઓને પોતાના પ્રથમ સંબોધનમાં કહ્યું હતું કે, 'હું આપની વચ્ચે પ્રધાનમંત્રી તરીકે નહીં, પ્રધાન સેવક તરીકે ઉપસ્થિત થયો છું.' શ્રી નરેન્દ્રભાઈએ ભાજપા કાર્યાલયની મુલાકાત લીધી ત્યારે કાર્યકર્તાઓને સંબોધન કરતાં કહ્યું હતું કે, 'હું પ્રધાનમંત્રી પછી છું, પહેલાં કાર્યકર્તા છું'

### મૂલ્યનિષ્ઠ રાજકીય પક્ષ : ભાજપ

ભારતીય રાજનીતિમાં ભાજપ એક વૈચારિક ધ્રુવ બનીને ઊભો છે. ભાજપ રાષ્ટ્રવાદી, મૂલ્યનિષ્ઠ અને વિચારધારાને વરેલો પક્ષ છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીય સલામતી, લોકતંત્ર અને વિકાસને તેમણે પાયાના સિદ્ધાંતો બનાવ્યા છે. રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશપ્રેમની વિચારધારાને પ્રાથમિકતા અને પ્રાધાન્ય આપનાર ભાજપા 'રાષ્ટ્રહિત સર્વ પ્રથમ'વાળી પાર્ટી છે. રાષ્ટ્ર સમક્ષ એક સ્પષ્ટ નીતિ, અડીખમ સંકલ્પો, દેશની સમસ્યાઓના સમાધાન માટે વિશેષ વિચારો, લોકતંત્રના મજબૂતીકરણ માટે પ્રતિબદ્ધ, વિશેષ સંગઠનાત્મક કાર્યપદ્ધતિ વગેરે ભાજપાના વિશેષપૂર્ણ બળસ્થાનો છે.

### કાર્યકર્તા લોકસેવક હોવો જોઈએ

પં. દીનદયાળજી કાર્યકર્તાઓના આદર્શ હતા. પં. દીનદયાળજીનું સમગ્ર જીવન કાર્યકર્તાઓ માટે અનુકરણીય રહ્યું છે. પંડિતજી માનતા કે કાર્યકર્તાએ લોકો સાથે સતત સંપર્કમાં રહી સંવાદ કરતા રહેવું જોઈએ. સન ૧૯૫૬

હેમત ગોહિલ (જામનગર)

દીનદયાળજીએ 'ઓર્ગેનાઈઝર'માં લખ્યું હતું કે, 'આપણા પોતાના જનસંઘના હિતમાં આપણે સામાન્ય જનને આપણી દૃષ્ટિ સમક્ષ રાખવો જોઈએ. સામાન્ય માણસ ભલે સામાન્ય લાગે, પણ વાસ્તવમાં તે ઘણો મેધાવી હોય છે. હું જનસંઘને એવા સામાન્ય વ્યક્તિઓનું સંગઠન બનાવવા ઈચ્છું છું.' દીનદયાળજી ઈચ્છતા હતા કે જનસંઘ એક એવી રાજકીય પાર્ટી બને કે જે પાર્ટીમાં લોકોની સેવામાં સમર્પિત હોય એવા કાર્યકર્તાઓની મોટી સંખ્યા હોય.

**આફતને અવસરમાં બદલાવે છે**

દેશના કોઈ ને કોઈ ભાગમાં કુદરતી આફતો સતત આવતી રહી છે. રાષ્ટ્રીય આફતો સમયે આફતને અવસરમાં બદલવાની તાકાત ભાજપાના કાર્યકરોમાં છે. કુદરતી આફતો સમયે ભાજપાના કાર્યકરો તન, મન અને ધન દ્વારા માનવસેવાના ઉમદા કાર્યમાં લાગી જતા હોય છે. કાર્યકરોનાં સેવાકાર્યોને દુનિયાએ વખાણ્યાં છે. કચ્છના ભયાનક ભૂકંપ પછી ભાજપાના અને રા. સ્વ. સંઘના સ્વયંસેવકોએ રાત-દિવસ જોયા વગર જે રાહત કામગીરી કરેલ તે અતિ સરાહનીય હતી. દુનિયાભરમાંથી આવેલ અનેક સામાજિક સંસ્થાઓએ આ કાર્યકરોનાં ખૂબ વખાણ કરેલ. ભાજપા શાસનના શ્રેષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટના દેશો અને દુનિયાએ દર્શન કરેલ. સમગ્ર દેશ અને દુનિયા રાહત કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કરતી હતી.

**રચનાત્મક આંદોલનો દ્વારા જનજાગૃતિ**

રાષ્ટ્રભરમાં ભાજપાની વૃદ્ધિની દૃષ્ટિએ પોષક એવું વાતાવરણ તૈયાર કરવા માટે કાર્યક્રમોનો મહત્ત્વપૂર્ણ





ઉપયોગ થાય છે. કાર્યક્ષેત્ર વધારવા માટે, આત્મનિરીક્ષણ કરવા માટે તેમજ લોકમાનસમાં પક્ષનો પ્રભાવ વધારવાની દૃષ્ટિથી અત્યંત મહત્ત્વપૂર્ણ હોવાને કારણે આ કાર્યક્રમો વધુ ને વધુ ઉત્સાહથી વિસ્તૃત અને પ્રભાવી સ્વરૂપમાં યોજી શકાય.

જનસંઘથી લઈને ભાજપા સુધી પક્ષના વિકાસમાં કાર્યકર્તાઓએ ચલાવેલ આંદોલનો અને કાર્યક્રમોનો મોટો ફાળો રહ્યો છે. પાર્ટીએ કરેલાં આંદોલનોથી જનમાનસમાં પાર્ટી એની પહેચાન બનાવી શકી છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ કાશ્મીર પ્રશ્ને ૧૯૫૨માં રાષ્ટ્રવ્યાપી આંદોલન ચલાવેલ. લોકોએ પણ આ આંદોલન પ્રત્યે જબ્બર સાથ-સહકાર આપેલ. કાશ્મીર પ્રશ્નને જનસંઘે ૧૪ ડિસેમ્બર, ૧૯૫૨ના રોજ ભારત બંધનું એલાન આપેલ. કાશ્મીર મુદે જ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીને શહાદત વહોરવી પડેલ.

અયોધ્યા આંદોલન પણ આઝાદી પછીનું સૌથી વિરાટ આંદોલન હતું. એમાં સહભાગી થવાનો ભાજપને ગર્વ છે. દેશમાં જ્યારે જ્યારે કોંગ્રેસ શાસનમાં આવી છે ત્યારે સાથે મોંઘવારી લાવી છે. ૧૯૬૫માં મોંઘવારી વિરુદ્ધ આંદોલન ચલાવેલ અને ૨૦૦૭-૨૦૦૮માં પણ મોંઘવારી વિરુદ્ધ જબ્બર આંદોલન ચલાવેલ. ૧૯૭૪માં નવનિર્માણ આંદોલન, ૧૯૭૫માં કટોકટીના સમયમાં કાર્યકર્તાઓએ ગજબનો સત્યાગ્રહ ચલાવ્યો. સંઘ અને જનસંઘના હજારો કાર્યકર્તાઓ જેલમાં ગયા. કટોકટી દરમ્યાન ગુજરાત લોકશાહીનો બેટ બની ગયું. કટોકટી વિરુદ્ધની તમામ લડતની ગુજરાત ભૂમિ બની રહી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર કટોકટી સમય દરમ્યાન ભૂગર્ભમાં રહી સફળ રીતે સત્યાગ્રહને ચલાવી અપ્રતિમ સત્યાગ્રહીનાં દર્શન કરાવ્યાં. ૧૯૮૬ માં રામમંદિરનું તાળું ખૂલતાં રામજન્મભૂમિ આંદોલન શરૂ થયું. વિ.હિ.પ. દ્વારા યોજાયેલ આ આંદોલનમાં ભાજપે ખુલ્લી રીતે ટેકો આપ્યો. પ્રથમ કારસેવામાં માન. શ્રી અડવાણીજી રામરથ લઈ કારસેવા કરવા ગયા, જેમની બિહારમાં ધરપકડ કરવામાં આવી. આ આંદોલનનું લક્ષ્ય સેકયુલારિઝમની ખોટી સંકલ્પનાના આધારે હિંદુ અસ્મિતાને કલંકિત કરવાના અભિયાનનો વિરોધ કરવાનું અને અયોધ્યામાં ભવ્ય રામમંદિર બાંધવાનું હતું.

**દીનદયાળજીની દૃષ્ટિએ કાર્યકર્તાનું કર્તવ્ય**

પં. દીનદયાળ ઉપાધ્યાયે આદર્શ કાર્યકર્તા બની રહેવા માતે ત્રણ ગુણવત્તાની આવશ્યકતા દર્શાવી છે.

દીનદયાળજી જનસંઘ માટે કાર્યકર્તાઓ ઊભા કરવા માટે કટિબદ્ધ હતા. તે માટે તેઓ નીચે દર્શાવેલ ત્રણ ગુણવત્તાઓ આધારિત સંગઠન ઊભું કરવા માંગતા હતા.

આદર્શ કાર્યકર કોઈ પ્રતિ દ્વેષ વિના તથા સર્વનો મિત્ર અને શુભેચ્છક બની કાર્ય કરવાનો ગુણ ધરાવતો હોવો જોઈએ. તેઓ કહેતા, 'જનસંઘની વિચારધારા ચારેબાજુ એવી પ્રસરવા દો કે જેથી આજના આપણા પ્રતિસ્પર્ધીઓ આપણા આવતીકાલના મતદાતા બને,

આપણા આવતી કાલના મતદાતાઓ આપણા એ પછીના દિવસોના સભ્ય અને આપણા એ પછીના દિવસોના સભ્યો તે પછીના દિવસોના કાર્યકર બને.'

કાર્યકર્તા પછાત અને ગરીબો પ્રતિ સદ્ભાવની હૃદયપૂર્વકની લાગણી ધરાવતા હોવા જોઈએ. કાર્યકર્તા સમાજની ભલાઈ માટે સંપૂર્ણ સમર્પિત હોવા જોઈએ. કાર્યકર્તા લોકોમાં એકતા જગાવવાનું તથા આપણા પક્ષ તથા અખંડિત રાષ્ટ્રજીવન માટે જાગૃતિ ફેલાવવાનું સામાજિક કર્તવ્ય ધરાવતા હોવા જોઈએ. દીનદયાળજીએ પક્ષના હજારો કાર્યકરો સાથે સંબંધો જાળવ્યા હતા. તેમનું મન, હૃદય સદા કાર્યકર્તાઓ સાથે રહેતું. તેમને પાયા સાથે નાતો ધરાવતા નેતા કહેવું યોગ્ય રહેશે. જે લોકો પક્ષ સિદ્ધાંતો અને દેશ પ્રત્યે સમર્પિત હોય તેમની મદદથી તેઓ ધ્યેય સિદ્ધ કરવા ઇચ્છતા હતા. તેઓ તેમની મદદથી તેઓ ધ્યેય સિદ્ધ કરવા ઇચ્છતા હતા. તેઓ સૌ શિસ્તબદ્ધ પક્ષના કાર્યકરો બની પક્ષ માટે એકલીન થઈને કાર્યરત બને તેમ ઇચ્છતા હતા કે જેથી દેશનું સમગ્ર ચિત્ર બદલાઈ જાય. તેઓ પક્ષના પાયાને માત્ર મહાનગરો કે શહેરોમાં નહીં, પણ નાનાં ગામડાંઓ, ટેકરીઓ અને દરિયાકાંઠાના વિસ્તારો સુધી ફેલાવવા ઇચ્છતા હતા.

## સંગઠનમાં સરવાળો કરો, બાદબાકી નહીં

ભાજપાના કાર્યકર્તાનો જીવનમંત્ર છે 'પ્રથમ દેશ, હર હંમેશ' ભાજપાનો કાર્યકર રાજકીય માધ્યમ દ્વારા પણ લોકસેવા, સમાજસેવા કરવા હંમેશા તત્પર હોય છે. ભાજપાની સંગઠનની બેઠકમાં એક ગીત ગવાય છે, સંગઠન ગઢે ચલો... આ ગીતમાં એક કડી આવે છે. 'સબ સમાજ કો લિએ સાથ મેં આગે રે બઢતે જાના.' ભાજપાના કાર્યકર્તાએ સમાજના સૌ કોઈને સાથે રાખીને ભાજપાની વિચારધારાને દેશના ખૂણે ખૂણે પ્રસરાવી દીધી છે. ભાજપાનો કાર્યકર્તા એ વાત બરાબર જાણે છે કે સંગઠન શાસ્ત્રનો નિયમ સરવાળાનો છે, બાદબાકીનો નહીં.

જીતવું અને વિજેતા બનવામાં શું ફરક છે ? જીતવું એ એક ઘટના છે, જ્યારે વિજેતા બનવું એક જુસ્સો અને સામર્થ્ય દર્શાવે છે. પોતાના રોજિંદા જીવનનાં મૂલ્યપ્રણાલી આધારિત દર્શનના કારણે જ વિજેતા હંમેશાં જીત મેળવતો રહે છે. જીવનમાં દિવસો - દિવસનો શિસ્તબદ્ધ નિત્યક્રમ જ કાર્યકર્તાના સફળતાના વિશ્વાસને બુલંદ કરે છે. કાર્યકર્તાનો રોજિંદો નિત્યક્રમ એક મહત્ત્વનું પરિબળ છે. વ્યક્તિગત રીતે આપણે સૌ એક ખાસ પ્રકારની જીવનશૈલીથી ટેવાયેલા હોઈએ છીએ, પણ કાર્યકર્તા બનતાં જ આપણે બદલાવું પડે છે. જે જરૂરી છે તે થવું જ જોઈએ. આપણામાં સારું કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ હોવી જોઈએ. 'હું સંપૂર્ણપણે બદલાઈશ. જો જરૂરી હશે તો હું મારા હૃદયને ગગન જેટલું વિશાળ બનાવીશ ને મારા રસ્તામાં આવનાર તમામ નકારાત્મક અવરોધોને ટપી જઈશ.' દિવસમાં વારંવાર આ મંત્રનું રટણ આશ્ચર્યજનક પરિણામ લાવે છે.

આપણે આપણી આ નવી ભૂમિકામાં કયા પ્રકારનું કાર્ય કરવાનું છે ? કાર્યકર્તા તરીકે આપણી ફરજો શી છે ? આપણે ક્યાંથી શરૂ કરવું જોઈએ ? આપણી પેઠે દરેક ભારતીયમાં પણ આવો જ તણખો રહેલો છે. ચાલો ! આપણે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધોના સતત વિકસતા જતા વર્તુળમાં તદાકાર થઈ જઈએ.

## ઉપસંહાર

એક કાર્યકર્તાએ માનવસંબંધો કેળવવાની શક્તિ હાંસલ કરીને લોકોનું નેતૃત્વ કરવાની કળા જાણવી જોઈએ. એક કાર્યકર્તા સંપૂર્ણ પ્રેરિત અને કટિબદ્ધ વ્યક્તિ હોવો જોઈએ અને તો જ તે ચુંબકીય વ્યક્તિત્વ ધરાવી સર્વનો મિત્ર બની શકે. તે તેના પક્ષનો દૂત હોય છે. તેનું લોકો સાથેનું વર્તન એવું હોવું જોઈએ કે દરેક વ્યકિત તેને અને તે જે વિચારધારાનો વાહક હોય તેને પણ ચાહે. એક કાર્યકર્તાએ પોતાની જાતને એવી જગ્યાએ ગોઠવવી જોઈએ કે જેથી લોકો કોઈ સક્રિય કામગીરી તયા સઘન ભાગીદારી માટે તેના તરફ ઉત્સાહથી આવે. તેઓ તેની સાથે વાત કરતી વખતે હળવાશ અનુભવતા હોવા જોઈએ અને તેની સલાહ માટે મન મૂકીને વાત કરી શકે તેમ હોવું જોઈએ. તેણે તેના સાથી કાર્યકરોને તેની ક્ષમતા અને વૃત્તિ મુજબ કામગીરી સોંપવી જોઈએ. દરેકને એમ લાગવું જોઈએ કે તે પક્ષ અને તેના મહાન રાષ્ટ્રવાદી હેતુઓને સાકાર કરવામાં પ્રદાન કરી રહ્યો છે. આપણો પક્ષ એવા લોકોને ઇચ્છે છે કે જેઓ તેમના તમામ સ્વાર્થને બાજુ પર મૂકી આ ઉચ્ચ હેતુ પ્રત્યે સમર્પિત હોય. તેજસ્વી પ્રતિભા અને ઉચ્ચ જીવનમૂલ્યો ધરાવતા વધુ લોકો ભેગા થાય તો સફળતાની સંભાવના વધુ ઊજળી અને ચોક્કસ બને છે.

એક કાર્યકર્તાને પોતાની જાતમાં અખૂટ વિશ્વાસ હોવો જોઈએ. પક્ષની વિચારધારા માટે સન્માન અને તે પ્રત્યે શ્રદ્ધામાંથી પણ આ ગુણ ઉદ્ભવે છે. બહાદુર લોકો માટે કઠણાઈઓ જ સફળતા માટે પાયાનો પથ્થર બને છે. નિષ્ફળતા સ્વીકારી ના લેવી જોઈએ, પણ તેને એક પડકાર માનવી જોઈએ. એક કાર્યકર્તાએ પોતાના કાર્ય માટે સાચું વલણ કેળવવું જોઈએ. ●



# ભાજપ સરકારના આગવા સમાચાર

## પીએમવાય (શહેર) અંતર્ગત શહેરી ગરીબો માટે ૧,૨૮,૫૦૯ કિફાયતી ઘર મંજૂર

**કેન્દ્ર તરફથી ૧,૯૨૮ કરોડ રૂપિયાની સહાયતા સાથે ૯,૩૬૪ કરોડ રૂપિયા મંજૂર**

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત શહેરી ગરીબો માટે ૧,૨૮,૫૦૯થી વધુ કિફાયતી ઘરોના નિર્માણ માટે કેન્દ્ર સરકાર તરફથી ૧,૯૨૮ કરોડ કરોડ રૂપિયાની સહાયતા સાથે ૯,૩૬૪ કરોડ રૂપિયાની મદદ મંજૂરી કરી છે.

એ સર્વવિદિત છે કે ૨૭ ફેબ્રુઆરીએ કેન્દ્રીય મંજૂરી અને જાંચસમિતિની આયોજિત ૩૧મી બેઠકમાં આનું અનુમોદન કરવામાં આવ્યું. છત્તીસગઢ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને પોંડિચેરી (કેન્દ્ર શાસિત) પ્રદેશ રાજ્યોમાં ૧૮૪ શહેરો માટે આ પરિયોજનાઓ સ્વીકૃત કરવામાં આવી.

હરિયાણાનાં ૩૩ શહેરો અને કસબાઓમાં ૬૨,૪૫૧ ઘરોને મંજૂરી આપવામાં આવી. આના માટે ૯૪૮ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયની સાથે ૬૮૪૪ કરોડ રૂપિયા નિવેશની અનુમતિ આપવામાં આવી. ઉત્તરપ્રદેશનાં ૯૫ શહેરો અને કસબાઓમાં ૩૬,૦૫૬ ઘરોના નિર્માણ માટે ૫૪૧ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયની સાથે ૧૨૮૭ કરોડ રૂપિયાના નિવેશની મંજૂરી આપવામાં આવી. આના સિવાય પોંડિચેરીનાં બે શહેરોમાં ૧,૯૭૩ ઘરોના નિર્માણ માટે ૩૦ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયની સાથે ૮૩ કરોડ રૂપિયાના નિવેશની અનુમતિ આપવામાં આવી.

પીએમએઈ (શહેર)ના હિસ્સા અંતર્ગત બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન (બીએલસી) ઘટક અંતર્ગત ૫૧,૯૪૦ નવાં ઘરોના નિર્માણને સ્વીકૃતિ મળી ગઈ છે, જેમાં ઉત્તર પ્રદેશમાં ૨૦૪૯ અને પોંડિચેરીમાં ૧૯૭૩ ઘરોના નિર્માણને મંજૂરી આપવામાં આવી. મતલબ ભાગીદારી કિફાયતી ઘર (એએચપી) અંતર્ગત હરિયાણાને કુલ ૫૪,૫૬૦ ઘર, ઉત્તર પ્રદેશને ૪,૫૫૨ ઘર અને છત્તીસગઢને ૧૭,૪૫૭ ઘર મળ્યાં.

ઉપર્યુક્ત પ્રસ્તાવિત ઘરો અનુસાર કેન્દ્રીય મંજૂરી અને દેખરેખ સમિતિએ પીએમએવાય (શહેર) અંતર્ગત ૩૯,૧૫,૪૦૨ ઘરોને મંજૂરી આપી. આ પછી આરએવાય યોજના અંતર્ગત લાવ્યા પછી પીએમએવાય (શહેર) અંતર્ગત કુલ ૪૦,૫૭,૨૫૦ ઘરોને નિર્માણ માટે ફંડ પ્રાપ્ત કરવાની અનુમતિ આપવામાં આવી.

## પ્રધાનમંત્રી દ્વારા 'પ્રગતિ' અંતર્ગત કેદારનાથ પુનર્નિર્માણ

**પહેલાંની પ્રગતિની ૨૩ બેઠકો દરમ્યાન કુલ ૨૦૮ પરિયોજનાઓની સમીક્ષા**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૮મી ફેબ્રુઆરીએ 'પ્રગતિ'ના સંદર્ભમાં ૨૪મી મીટિંગનું અધ્યક્ષસ્થાન ગ્રહણ કર્યું. આ 'પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લિમેન્ટેશન' (પ્રગતિ) માટે સૂચના તથા સંચાર પ્રૌદ્યોગિકી આધારિત મંચ છે. આ બેઠકમાં ૧૭ ક્ષેત્રોમાં લોકફરિયાદોના નિરાકરણની સમીક્ષા કરવામાં આવી. એ સર્વવિદિત છે કે આની પહેલાં ૨૩ બેઠકો દરમ્યાન કુલ ૨૦૮ પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી.

દરઅસલ ૨૪મી બેઠકમાં પ્રધાનમંત્રીશ્રીએ ઉત્તરાખંડમાં કેદારનાથ પુનર્નિર્માણ કાર્યની પ્રગતિનો અહેવાલ માગ્યો. ઉત્તરાખંડ રાજ્ય સરકારે દ્રોણ ઈજનેરી અંતર્ગત નિર્માણકાર્યની પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો. પ્રધાનમંત્રીશ્રીએ દિલ્હી પોલીસથી સંબંધિત ફરિયાદોનું નિવારણ તથા કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે ફરિયાદોની પ્રક્રિયાને બહેતર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેલવે, સડક, વીજળી, પેટ્રોલિયમ તથા કોલસા ક્ષેત્રની ૧૦ સંરચના પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. આ પરિયોજનાઓ વિભિન્ન રાજ્યોમાં ચાલી રહી છે, જેમાં હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ,

# જીડીપીનો વૃદ્ધિદર ૭.૨ ટકા





કેન્દ્રીય નાણાકીય કાર્યાલય (સીએસઓ) અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ત્રીજા ત્રિમાસિકમાં સ્થિર (૨૦૧૧-૧૨) આવક (જીડીપી) ૩૨.૫૦ લાખ કરોડ રૂપિયા છે, જે વિત્ત વર્ષ ૨૦૧૬-૧૭ના ત્રીજા ત્રિમાસિકમાં ૩૦.૩૨ લાખ કરોડ રૂપિયા હતી. આ ૭.૨ ટકાનો જીડીપી વૃદ્ધિદર દર્શાવે છે. સ્થિર મૂલ્ય પર વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રથમ ત્રિમાસિક અને દ્વિતીય ત્રિમાસિકમાં જીડીપી વૃદ્ધિ દર ક્રમશઃ ૫.૭ તથા ૬.૫ ટકા રહ્યો. એ સર્વવિદિત છે કે સાંખ્યિકી તથા કાર્યક્રમ ક્રિયાન્વયન મંત્રાલયના કેન્દ્રીય સાંખ્યિકી કાર્યાલયે ૨૮ ફેબ્રુઆરીએ વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮ માટે સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) અને વર્તમાન મૂલ્યો બંને ઉપર રાષ્ટ્રીય આવકનાં બીજાં અનુમાનો લાગુ કર્યાં.

સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) અને વર્તમાન મૂલ્યો ૨૦૧૭-૧૮ માટે જીડીપી વૃદ્ધિદર અને વર્ષ ૨૦૧૭-૧૮ની પહેલી ત્રિમાસિક, દ્વિતીય ત્રિમાસિક અને ત્રીજી ત્રિમાસિકના જીડીપીના વૃદ્ધિદરોનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે :

જિડીપી વૃદ્ધિદર (ટકામાં)

| | સ્થિર મૂલ્ય (૨૦૧૧-૧૨) | વર્તમાન મૂલ્ય |
|---|---|---|
| વાર્ષિક ૨૦૧૭-૧૮ દ્વિતીય અનુમાન | ૬.૬ | ૯.૨ |
| પહેલી ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (એપ્રિલ-જૂન) | ૫.૭ | ૯.૨ |
| બીજી ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (જુલાઈ-સપ્ટેમ્બર) | ૬.૫ | ૧૦.૦ |
| ત્રીજી ત્રિમાસિક ૨૦૧૭-૧૮ (ઓક્ટોબર-ડિસેમ્બર) | ૭.૨ | ૧૧.૯ |

### સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર સકળ ઘરેલું ઉત્પાદન

વિત્ત વર્ષ ૨૦૧૭-૧૮માં સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર વાસ્તવિક જીડીપી અથવા સકળ ઘરેલુ ઉત્પાદક (જીડીપી) વધીને ૧૩૦.૦૪ લાખ કરોડ રૂપિયાના સ્તર સુધી પહોંચી જવાનું અનુમાન છે, જે વર્ષ ૧૦૧૬-૧૭ માટે જીડીપીના સંશોધિત અનુમાનમાં ૧૨૧.૯૬ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું હતું, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં જીડીપી વૃદ્ધિ દર ૭.૧ ટકા રહ્યો હતો.

### સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર સકળ મૂલ્યવર્ધિત જીવીએ

સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર જીવીએ વર્ષ ૨૦૧૬-૧૭ના ૧૧૨.૪૮ લાખ કરોડ રૂપિયાના સ્તર સુધી પહોંચી જવાનું અનુમાન છે. વર્ષ ૨૦૧૭-૧૮માં બુનિયાદી મૂલ્યો પર વાસ્તવિક જવીએનો અનુમાનિત વૃદ્ધિદર ૬.૪ ટકા રહેવાનું અનુમાન છે, જ્યારે કે વર્ષ ૨૦૧૬-૧૭માં ૭.૧ ટકા અનુમાન કરવામાં આવ્યું હતું.

જે ક્ષેત્રો (સેક્ટર) દ્વારા ૭ ટકાથી વધુ વૃદ્ધિદર થવાનું અનુમાન છે, તેમાં લોક પ્રકાશન, સંરક્ષણ તથા અન્ય સેવાઓ, વ્યાપાર, હોટલ, પરિવહન, સંચાર તથા પ્રસારણ સંબંધી સેવાઓ, વીજળી, ગેસ, જળઆપૂર્તિ તથા અન્ય ઉપયોગી સેવાઓ અને વિત્તીય, અચલ સંપત્તિ તથા પ્રોફેશનલ સેવાઓ સામેલ છે. કૃષિ, વાણિજ્ય તથા મત્સ્યપાલન, ખનન તથા ઉત્ખનન, વિનિર્માણ તથા નિર્માણ ક્ષેત્રોનો વૃદ્ધિદર ક્રમશઃ ૩.૦, ૩.૦, ૫.૧ તથા ૪.૩ પ્રતિશત રહેવાનું અનુમાન છે.

### સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર દરેક વ્યક્તિની આવક

વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન સ્થિર મૂલ્યો (૨૦૧૧-૧૨) પર દરેક વ્યક્તિની આવક વધીને રૂા.૮૬,૬૮૯ થઈ જવાનું અનુમાન છે, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં તે ૮૨,૨૨૯ રૂપિયા હતી.

### વર્તમાન મૂલ્યો પર સકળ ઘરેલુ ઉત્પાદન

વર્ષ ૨૦૧૭-૧૮માં વર્તમાન મૂલ્યો પર જીડીપી વધીને ૧૬૭.૫૨ લાખ કરોડ રૂપિયા થઈ જવાનું અનુમાન છે, જે વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૫૨.૫૪ લાખ કરોડ રૂપિયા હતી. આ રીતે તે ૯.૮ ટકાનો જીડીપી વૃદ્ધિદર બતાવે છે.

### વર્તમાન મૂલ્યો પર રાષ્ટ્રીય આવક

વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન વર્તમાન મૂલ્યો પર સકળ રાષ્ટ્રીય આવક (જીએનઆઈ) ૧૮૪.૪૦ લાખ કરોડ રૂપિયા રહેવાનું અનુમાન છે, જે વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૩૪.૯૩ લાખ કરોડ રૂપિયા હતું. આ ૧૧.૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

### વર્તમાન મૂલ્યો પર દરેક વ્યક્તિની આવક

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન દરેક વ્યક્તિની આવક વધીને ૧,૧૨,૭૬૪ રૂપિયાના સ્તર સુધી પહોંચી જવાનું અનુમાન છે, જે વર્ષ ૨૦૧૬-૧૭માં ૧,૦૩,૮૭૦ રૂપિયા હતી. આ ૮.૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

●

## કેન્દ્ર સરકારનો વધુ એક ગુજરાત હિતકારી નિર્ણય

### રાજ્યની જીવાદોરી સમાન નર્મદા યોજના માટે રૂ.૧૧૩૧ કરોડની વધારાની કેન્દ્રીય સહાય મંજૂર

**નર્મદા યોજનાને સતત પ્રોત્સાહન આપવા અને માતબર રકમની ગ્રાન્ટ ફાળવવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર**

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યની જીવાદોરી સમાન નર્મદા યોજના માટે કેન્દ્ર સરકારે વધુ એક હિતકારી નિર્ણય કર્યો છે. સરદાર સરોવર નર્મદા યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧૧૩૧ કરોડની વધારાની સહાય મંજૂર કરી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતના સરદાર સરોવર પ્રોજેક્ટનાં કામો માટે AIBP અને CADWM યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ગુજરાતની ખેડૂત અને પ્રજાલક્ષી આ યોજનાને વધુ વેગ આપવા અને નાણાકીય રીતે મદદરૂપ થવા આ વર્ષે અગાઉ ભારત સરકારે રૂ.૯૭૦ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. રાજ્ય સરકારની વિનંતીને ધ્યાનમાં લઈને હવે તા.૧૬ માર્ચ, ૨૦૧૮ ના રોજ ભારત સરકારે વધુ નવી રૂ.૧૧૩૧ કરોડની માતબર રકમ નર્મદા યોજનાની કામગીરી માટે ફાળવી છે, જેથી નર્મદા યોજનાની કામગીરીમાં વધુ વેગ આવશે. રાજ્યના લાખો ખેડૂતોને સિંચાઈના પાણીની સુવિધા માટે અને કરોડો નાગરિકોના પીવાના પાણીની જરૂરિયાતને પૂર્ણ કરતી આ યોજના વર્ષ ૨૦૧૯ માં પૂર્ણ કરાશે. નર્મદા યોજનાનાં બધાં જ કામો પૂર્ણ કરવામાં ભારત સરકાર દરેક રીતે મદદરૂપ થઈ રહી છે તે બદલ નર્મદા મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો છે.

તમિલનાડુ અને કેરલ સામેલ છે. આ પરિયોજનાઓનો અંદાજિત ખર્ચ ૪૦ હજાર કરોડ રૂપિયાથી વધારે છે. પ્રધાનમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના ક્રિયાન્વયનની પ્રગતિની સમીક્ષા કરી.

## જાન્યુઆરી ૨૦૧૮માં ૮ કોર ઉદ્યોગોનો વૃદ્ધિદર ૬.૭ ટકા

૮ કોર ઉદ્યોગોનો સંયુક્ત સૂચકાંક જાન્યુઆરી, ૨૦૧૮માં ૧૩૩.૧ આંક રહ્યો, જે જાન્યુઆરી, ૨૦૧૭માં રજૂ થયેલા સૂચકાંકની સરખામણીમાં ૬.૭ ટકા વધુ છે. વર્ષ ૨૦૧૭-૧૮ના એપ્રિલ-જાન્યુઆરી માસ દરમિયાન આઠ કોર ઉદ્યોગોનો સંચિત ઉત્પાદન વૃદ્ધિદર ૪.૩ ટકા રહ્યો. એ સર્વવિદિત છે કે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (આઈઆઈપી)માં સંલગ્ન વસ્તુઓના ભારાંક ૯ વેઈટેજ)નો ૪૦.૨૭ ટકા હિસ્સો આઠ કોર ઉદ્યોગોમાં સામેલ થાય છે.

સિમેન્ટ : જાન્યુઆરી, ૨૦૧૮ દરમિયાન સિમેન્ટ ઉત્પાદન (ભારાંક : ૫.૩૭ ટકા) જાન્યુઆરી, ૨૦૧૭ની સરખામણીમાં ૨૦.૭ ટકા વધુ રહ્યો. એપ્રિલ-જાન્યુઆરી, ૨૦૧૭-૧૮ દરમિયાન સિમેન્ટ ઉત્પાદન ગત વિત્ત વર્ષની આ જ સમય અવધિની તુલનામાં ૪.૪ ટકાથી વધુ રહ્યો.

વીજળી : જાન્યુઆરી, ૨૦૧૮ દરમ્યાન વીજ-ઉત્પાદનમાં (ભારાંક : ૧૯.૮૫ ટકા) જાન્યુઆરી ૨૦૧૭ની તુલનામાં ૮.૨ ટકાનો વધારો થયો. એપ્રિલ-જાન્યુઆરી ૨૦૧૭-૧૮માં વીજ-ઉત્પાદન ગત વિત્ત વર્ષની સમાન અવધિની તુલનામાં ૫.૪ ટકા અધિક રહ્યું.

કોલસો : જાન્યુઆરી ૨૦૧૮માં કોલસાનું ઉત્પાદન (ભારાંક : ૧૦.૩૩ ટકા) જાન્યુઆરી, ૨૦૧૭ની તુલનામાં ૩.૦ ટકા વધી ગયું. એપ્રિલ-જાન્યુઆરી, ૨૦૧૭-૧૮માં કલોસા ઉત્પાદનનો વૃદ્ધિદર પાછલા વર્ષની સમાન અવધિની તુલનામાં ૧.૫ ટકા વધુ રહ્યો.

રિફાઈનરી ઉત્પાદ : પેટ્રોલિયમ રિફાઈનરી ઉત્પાદોનું ઉત્પાદન ભારાંક (૨૮.૦૪ ટકા) જાન્યુઆરી, ૨૦૧૮માં ૧૧.૦ ટકા વધી ગયું. એપ્રિલ-જાન્યુઆરી ૨૦૧૭-૧૮માં પેટ્રોલિયમ રિફાઈનરી ઉત્પાદોનું ઉત્પાદન ગત વિત્ત વર્ષની સમાન અવધિની તુલનામાં ૪.૭ ટકા પ્રતિશત અધિક રહ્યું.

ઈસ્પાત : જાન્યુઆરી ૨૦૧૮માં ઈસ્પાત ઉત્પાદન (ભારાંક : ૧૭.૯૨ ટકા) ૩.૭ પ્રતિશત વધી ગયું. એપ્રિલ-જાન્યુઆરી ૨૦૧૭-૧૮માં ઈસ્પાત ઉત્પાદન ગત વિત્ત વર્ષની સમાન અવધિની તુલનામાં ૬.૪ ટકા વધુ રહ્યું.

નોંધ : (૧) નવેમ્બર ૨૦૧૭, ડિસેમ્બર ૨૦૧૭ અને જાન્યુઆરી ૨૦૧૮ના આંકડા છેલ્લા છે. (૨) એપ્રિલ, ૨૦૧૪થી જ વીજ-ઉત્પાદનના આંકડામાં નવીકરણીય અથવા અક્ષય સ્રોતોથી પ્રાપ્ત થતી વીજળીને પણ સામેલ કરવામાં આવે છે.

પ્રશાંત વાળા

## છેલ્લાં ચાર વર્ષમાં બેન્કોએ આપેલી લોનમાંથી એક પણ લોન NPA થઈ નથી



# ભાજપા સરકારની પારદર્શક શાસનવ્યવસ્થા તેમજ દૃઢ રાજકીય ઇચ્છાશક્તિને લીધે કોંગ્રેસના કાર્યકાળ દરમિયાન ફૂલ્યાં-ફાલ્યાં હોય તેવાં અનેક કૌભાંડોનો થઈ રહ્યો છે પર્દાફાશ



ભ્રષ્ટાચાર, તુષ્ટીકરણની રાજનીતિ, પરિવારવાદ, નીતિવિષયક બાબતોમાં અનિર્ણાયકતા, કૌભાંડોની વણઝાર, દેશવિરોધી નીતિરીતિઓ વગેરે જેવી બાબતોને લીધે દેશની જનતાએ એક સમયે ૪૦૦ સીટો જીતેલી અને કોંગ્રેસને ફક્ત ૪૪એ પહોંચાડી દીધી. કોંગ્રેસના ૨૦૦૪થી ૨૦૧૪ના દસ વર્ષના શાસન દરમિયાન દર બે-ત્રણ મહિને એક કૌભાંડ બહાર આવતું હતું. કોંગ્રેસ વખતના આર્થિક કૌભાંડો પર એક નજર નાંખીએ તો હર્ષદ મહેતા કૌભાંડ, કેતન પારેખ કૌભાંડ, રામાલિંગા રાજુનું સત્યમ્ કૌભાંડ, સહારા ઈન્ડિયા કૌભાંડ, શારદા ચીટ ફંડ કૌભાંડ, NSEL કૌભાંડ વગેરે. કેન્દ્રમાં કોંગ્રેસ શાસનનો અંત આવ્યો તેને પણ ચાર વર્ષ થયાં છતાં કોંગ્રેસના સમયમાં આચરેલાં કૌભાંડો હજુપણ તેમનો પીછો છોડતા ના હોય તેમ એક પછી એક સામે આવતાં જાય છે.

તાજેતરમાં જ બેંકિંગ ક્ષેત્રનાં મસમોટાં કૌભાંડો સામે આવ્યાં. આ કૌભાંડો ભાજપા સરકારના કાર્યકાળ દરમિયાન ખુલ્લાં પડ્યાં છે ત્યારે વિપક્ષો જૂઠાણાંઓ ફેલાવી એવી ભ્રાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આ કૌભાંડો ભાજપા સરકારની મદદથી થયાં છે. કેન્દ્રની ભાજપા સરકારના ચાર વર્ષના કાર્યકાળમાં ભ્રષ્ટાચારનો એક પણ આરોપ કોઈ લગાવી શક્યું નથી. આજે જ્યારે વર્ષો પછી દેશને એક પ્રમાણિક અને ઈમાનદાર સરકાર મળી છે ત્યારે બહુ સ્વાભાવિક છે કે વિપક્ષોને આ વાત આંખના કણાની જેમ ખૂંચે. તેથી જ આવા બેબુનિયાદ આક્ષેપો તેઓ ભાજપા પર કરી રહ્યા છે. ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપની સરકાર બની ત્યારથી આજ સુધીમાં ભાજપા સરકારની પારદર્શક શાસનવ્યવસ્થા તેમજ દૃઢ રાજકીય ઈચ્છાશક્તિને લીધે કોંગ્રેસના કાર્યકાળ દરમિયાન ફૂલ્યાં-ફાલ્યાં હોય તેવાં અનેક કૌભાંડોનો પર્દાફાશ થઈ રહ્યો છે ત્યારે એમ કહી શકાય કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હાલ ભારતીય અર્થતંત્રમાં પણ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે.

કેન્દ્રીય કાયદામંત્રીશ્રી રવિશંકરપ્રસાદે તાજેતરમાં જ એક પ્રેસવાર્તામાં બહુમોટો ઘટસ્ફોટ કરતાં જણાવ્યું હતું કે 'NPA' (નોન પરફોર્મિંગ અસેટસ) સંકટ એ દેશને કોંગ્રેસની ભેટ છે. ૧૦ વર્ષના શાસન દરમિયાન કોંગ્રેસે તેના તમામ નજીકના ઉદ્યોગપતિઓને બેંકો દ્વારા લોન અપાવી. જનતાની મહેનતના, બેન્કોમાં જમા પૈસાની લ્હાણી કરી અને એવું પ્લાનિંગ કર્યું કે બેન્કોની બેલેન્સશીટમાં તેને દેખાડ્યું પણ નહિ. માર્ચ ૨૦૦૮માં બેંકો દ્વારા અપાયેલું કુલ એડ્વાન્સ ૧૮. ૦૬ લાખ કરોડ રૂપિયા હતું, જે યુપીએ શાસનનાં ત્યાર પછીનાં છ વર્ષમાં તે ત્રણગણું વધીને માર્ચ ૨૦૧૪માં ૫૨. ૧૫ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું. માર્ચ ૨૦૧૪માં ફક્ત ૩૬% ભારિત અસ્કયામતોને NPA તરીકે દર્શાવી અને જ્યારે જૂન ૨૦૧૭માં આ જ ભારિત અસ્ક્યામતોનો ખુલાસો થતાં તે ૮૨% પર પહોંચી ગઈ. મોટા પ્રમાણમાં છુપાવી રાખેલી NPA(નોન પરફોર્મિંગ અસેટસ)ને મોદી સરકારે શોધીને કોંગ્રેસનાં ૧૦ વર્ષોનાં કારનામાં પ્રજા સમક્ષ ખુલ્લાં પાડ્યાં છે. છેલ્લાં ચાર

વર્ષમાં બેન્કોએ આપેલી લોનમાંથી એક પણ લોન NPA થઈ નથી. વાસ્તવમાં એનપીએ સંકટ એ યુપીએ સરકારનું મસમોટું કૌભાંડ છે અને એનડીએ સરકારને મળેલી સૌથી મોટી જવાબદારી(liability) છે.'

નીરવ મોદી અને મેહુલ ચોકસી કૌભાંડની શરૂઆત પણ ૨૦૧૧માં કોંગ્રેસ શાસન દરમિયાન જ થયેલી. તેમને ફાયદો કરાવવા માટે કોંગ્રેસના પી. ચિદમ્બરમે તેના શાસનના છેલ્લા દિવસ સુધીની તક પણ જતી કરી નહોતી. ૧૬મી મે ૨૦૧૪નાં દિવસે લોકસભાની ચૂંટણીઓનાં પરિણામો જાહેર થવાનાં હતાં તે દિવસે પી. ચિદમ્બરમે ગોલ્ડ ઈમ્પોર્ટ માટેની ૮૦:૨૦ની સ્કીમમાં સુધારો કરતો ઓર્ડર ઈશ્યુ કર્યો અને પ્રીમિયર ટ્રેડીંગ હાઉસ અને સ્ટાર ટ્રેડીંગ હાઉસોને આ સ્કીમ હેઠળ ગોલ્ડ ઈમ્પોર્ટ કરવાની છૂટ અપાઈ. કેગના નિરીક્ષણ મુજબ તેનાથી ૧૩ ટ્રેડીંગ હાઉસોને રૂપિયા ૪૫ અબજ જેવો લાભ થયો. આ ૧૩ કંપનીઓમાં નીરવ મોદી અને મેહુલ ચોકસીની કંપનીઓ પણ સામેલ છે. શાસનના છેલ્લા દિવસે તમને આવો અગત્યનો નિર્ણય ઉતાવળે કરવાની શી જરૂર પડી? આમ પણ પરિણામના દિવસ સુધી આચારસંહિતા લાગુ હોય છે તેમ છતાં શા માટે આવો ઑર્ડર ઈશ્યુ કરાવ્યો ? કોના ફાયદા માટે આવું કરવું પડ્યું ? એવી તે શી ઉતાવળ હતી ? તમે આવો અગત્યનો નિર્ણય નવી સરકાર પર શા માટે ના છોડ્યો ? હાલ, ભાજપની સરકાર દ્વારા આ કેસમાં સંડોવાયેલા ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં પીએનબી બેંકના ઉચ્ચ અધિકારીઓ પણ સામેલ છે. મુંબઈની વિશેષ કોર્ટે નીરવ મોદી અને મેહુલ ચોકસી વિરુદ્ધ બિન જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કર્યા છે અને આ બંનેની કુલ રૂપિયા ત્રણ હજાર કરોડથી વધુની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત આ બંને સામે રેડકોર્નર નોટિસ જારી કરવા ઈડીએ ઈન્ટરપોલનો પણ સંપર્ક કર્યો છે. આમ, ભાજપા સરકાર ગુનેગારોને પકડવા માટે મક્કમતાથી આગળ વધી રહી છે.

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હાલ ભારતીય અર્થતંત્રમાં પણ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે**

●

**મોટા પ્રમાણમાં છુપાવી રાખેલી NPA ને મોદી સરકારે શોધીને કોંગ્રસનાં ૧૦ વર્ષોનાં કારનામાં પ્રજા સમક્ષ ખુલ્લાં પાડ્યાં છે**

●

**NPA (નોન પરફોર્મિંગ અસેટસ) સંકટ એ દેશને કોંગ્રસની ભેટ છે. ૧૦ વર્ષના શાસન દરમિયાન કોંગ્રેસે તેના તમામ નજીકના ઉદ્યોગપતિઓને બેંકો દ્વારા લોન અપાવી. જનતાની મહેનતના, બેન્કોમાં જમા પૈસાની લ્હાણી કરી**

●

**કોંગ્રેસનાં અનેક આર્થિક કૌભાંડો સામે આવ્યા બાદ પણ ભાજપા સરકારની નીતિવિષયક બાબતોની નિર્ણાયકતા, પારદર્શી શાસન, કાયદાના કડક અમલીકરણ માટેની કટિબદ્ધતા અને જનતાના અતૂટ વિશ્વાસને આધારે ભારતીય અર્થતંત્ર ટકાઉ મજબૂતી સાથે આગળ વધી રહ્યું છે**

આ જ રીતે વિજય માલ્યા અને કોંગ્રેસની દોસ્તી પણ જગજાહેર છે. વિજય માલ્યાને ૨૦૦૯માં કોંગ્રેસ કૃપાથી ૧૫ જેટલી બેન્કોએ ૯ હજાર કરોડની લોન આપી હતી. આ કૌભાંડ પણ કેન્દ્રમાં ભાજપા સરકાર આવી પછી બહાર આવ્યું. તેની ભારત ખાતેની તમામ સંપત્તિઓ જપ્ત કરવામાં આવી છે. હાલ તેના વિરુદ્ધ લંડનમાં કેસ ચાલી રહ્યો છે. ભારત સરકાર વતી સીપીએસ દલીલો કરી રહ્યું છે. લંડનની વેસ્ટમિન્સ્ટર કોર્ટના જજે પણ ટકોર કરી છે કે ભારતની બેન્કોએ તમામ નિયમો નેવે મૂકીને માલ્યાને લોન આપી છે. આ છે કોંગ્રેસનાં કાળાં કરતૂતોનો વધુ એક નમૂનો.

કોંગ્રેસના કાર્તી ચિદમ્બરમની મની લોન્ડરિંગ અને લાંચ લેવાના કેસમાં ધરપકડ થઈ છે. ૨૦૧૨માં કોંગ્રેસના શાસનમાં જ બેન્કોના હજારો કરોડ લઈ વિદેશ ભાગી ગયેલ જતીન મહેતા સામે કોંગ્રેસે કોઈ પગલાં લીધાં નહોતાં. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ત્યારબાદ તેની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે. કોંગ્રેસના સમયમાં જ જેને લોન આપી હતી તેવા રોટોમેકના વિક્રમ કોઠારી અને તેના પુત્રની ૩૬૯૫ કરોડના વિલફુલ ડિફોલ્ટર કેસમાં સીબીઆઈએ ધરપકડ કરી છે અને હાલ જેલમાં છે. આ જ રીતે કોંગ્રેસ શાસનમાં લોન લેનાર આર. પી. ઈન્ફોસીસ્ટમના ડિરેકટરોની પણ ૫૧૫ કરોડની બેંક સાથેની છેતરપિંડી કેસમાં ધરપકડ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ૪૦૦ કંપનીઓની યાદી તૈયાર કરાઈ છે

અને બેન્કોના પૈસાનું ફુલેકું ફેરવનાર ૯૧ ડિફોલ્ટરોને દેશ છોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ડિફોલ્ટરો કાયદાનો ફાયદો લઈને છટકી ના જાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ‘ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્ટસી કોડ ૨૦૧૬’ નો નવો કાયદો અમલમાં લાવવામાં આવ્યો છે. આ ઉપરાંત દેશની જનતાના પૈસા સુરક્ષિત કરવા માટે હાલ એફઆરડીઆઈ બીલ પણ ચર્ચામાં છે. આમ, ભારતીય જનતા પાર્ટીની સરકાર એક પછી એક કડક કાયદાઓ લાવી, નીતિઓને તેમજ બેંકિંગ સિસ્ટમને મજબૂત બનાવી ભવિષ્યમાં આવું એક પણ કૌભાંડ ના થાય તેનાં માટે મક્કમતાથી આગળ વધી રહી છે.

આ બધી પરિસ્થિતિઓ વચ્ચે ભારતીય અર્થતંત્રની હાલની પરિસ્થિતિનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે દેશનું અર્થતંત્ર તમામ ઘટનાઓને પચાવી તંદુરસ્ત પ્રગતિ કરવા માટે મક્કમ ગતિથી આગળ વધી રહ્યું છે. ભારતીય અર્થતંત્ર માટે ૨૦૧૬-૧૭નું વર્ષ સીમાચિહ્નરૂપ રહ્યું. આ સમયગાળા દરમિયાન અર્થતંત્ર માટે ખૂબ જ મહત્ત્વના એવા બે નિર્ણયો ભારત સરકારે લીધાં. ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાંથી કાળુંનાણું દૂર કરવાના શુભ હેતુથી ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોને રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો અને ત્યારબાદ દેશના વેપારીઓ - ઉદ્યોગકારો ઘણા લાંબા સમયથી જેની રાહ જોઈ રહ્યા હતા તેવા વન નેશન - વન ટેક્સની કલ્પનાને સાકાર કરતા જીએસટી ને ૧ જુલાઈ ૨૦૧૭ થી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યો.

આ બંને નિર્ણયો દેશના અર્થતંત્રની વૃદ્ધિ માટેના જ હતા પરંતુ કોંગ્રેસ તેમજ અન્ય વિપક્ષો અને અમુક અર્થશાસ્ત્રીઓએ એવી કાગારોળ મચાવી કે આ નિર્ણયોથી દેશનું અર્થતંત્ર ફરીથી મંદીમાં ધકેલાઈ જશે. દેશના વેપારીઓના કામધંધા ઠપ્પ થઇ જશે વગેરે વગેરે. જો કે એ વખતે સરકારે પણ સ્વીકારેલું કે શરૂઆતના તબક્કામાં દેશના જીડીપીમાં ઘટાડો નોંધાશે. વ્યાપારી કામકાજોમાં પણ થોડા મહિનાઓ માટે ઘટાડો જોવા મળશે. કેમકે કોઈપણ નવી પદ્ધતિ લાગુ થાય તો તેને અનુરૂપ કાર્યરચના ગોઠવાતાં થોડો સમય લાગે અને તેથીજ તમામ આર્થિક સૂચકાંકોમાં થોડો કામચલાવ ઘટાડો જોવા મળે તે સ્વાભાવિક છે. થોડી આંકડાકીય માહિતી દ્વારા ભારતીય અર્થતંત્રની હાલની સ્થિતિ સમજવાનો પ્રયત્ન કરીએ.

- વર્ષ ૨૦૧૬-૧૭માં ભારતનો જીડીપી ૭. ૧ ટકા રહ્યો. જે એકંદરે સારો કહી શકાય. તાજેતરમાં જ વર્લ્ડ બેંક દ્વારા રજૂ થયેલા એક રીપોર્ટમાં ૨૦૧૮-૧૯ માટે ભારતનો જીડીપીનો અંદાજ ૭. ૩ ટકા કરવામાં આવ્યો છે અને ત્યાર બાદ બે વર્ષ સુધી ૭. ૫ ટકા નો જીડીપી ધારવામાં આવેલો છે. ક્રિસિલ દ્વારા પણ ૨૦૧૯ માટે ૭. ૬ ટકા જીડીપીનો અંદાજ કરવામાં આવ્યો છે. એચએસબીસી દ્વારા ૨૦૧૭-૧૮ માટે ૬. ૫ ટકા, ૨૦૧૮-૧૯ માટે ૭ ટકા અને ૨૦૧૯-૨૦ માટે ૭. ૬ ટકા જીડીપીનો અંદાજ રાખવામાં આવ્યો છે.

**નીરવ મોદી અને મેહુલ ચોકસી કૌભાંડની શરૂઆત પણ ૨૦૧૧માં કોંગ્રેસ શાસન દરમિયાન જ થયેલી. તેમને ફાયદો કરાવવા માટે કોંગ્રેસનાં પી.ચિદમ્બરમે તેના શાસનના છેલ્લા દિવસ સુધીની તક પણ જતી કરી નહોતી.**

●

**૧૬મી મે ૨૦૧૪ના દિવસે લોકસભાની ચૂંટણીઓનાં પરિણામો જાહેર થવાનાં હતાં તે દિવસે પી.ચિદમ્બરમે ગોલ્ડ ઈમ્પોર્ટ માટેની ૮૦:૨૦ની સ્કીમમાં સુધારો કરતો ઓર્ડર ઈશ્યુ કર્યો**

●

**કેગના નિરીક્ષણ મુજબ પી.ચિદમ્બરમના ઓર્ડરથી ૧૩ ટ્રેડીંગ હાઉસોને રૂપિયા ૪૫ અબજનો લાભ થયો. આ ૧૩ કંપનીઓમાં નીરવ મોદી અને મેહુલ ચોકસીની કંપનીઓ પણ સામેલ છે**

●

**ભારતીય જનતા પાર્ટીની સરકાર એક પછી એક કડક કાયદાઓ લાવી, નીતિઓને તેમજ બેંકિંગ સિસ્ટમને મજબૂત બનાવી ભવિષ્યમાં આવાં એક પણ કૌભાંડ ના થાય તેના માટે મક્કમતાથી આગળ વધી રહી છે**

●

**કેગના નિરીક્ષણ મુજબ પી.ચિદમ્બરમના ઓર્ડરથી ૧૩ ટ્રેડીંગ હાઉસોને રૂપિયા ૪૫ અબજનો લાભ થયો. આ ૧૩ કંપનીઓમાં નીરવ મોદી અને મેહુલ ચોકસીની કંપનીઓ પણ સામેલ છે**

- આજે દેશનું ફોરેકસ રીઝર્વ વધીને નવી વિક્રમી સપાટીએ પહોંચ્યું છે. દેશનું ફોરેકસ રીઝર્વ વધીને ૪૨૧. ૭૨ અબજ ડૉલરની નવી ઉંચી સપાટીએ પહોંચ્યું છે.
- એપ્રિલથી ડીસેમ્બર ૨૦૧૭ ના સમયગાળા દરમીયાન ફોરન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ વધીને ૩૫. ૯૪ બિલિયન ડોલર પર પહોંચ્યું છે.
- મ્યુચલ ફંડ એસેટ્સ જાન્યુઆરી ૨૦૧૮ના અંત સુધીમાં વધીને રૂપિયા ૨૩. ૨૫ ટ્રીલીયન પર પહોંચી છે. જે જાન્યુઆરી ૨૦૧૭માં રૂપિયા ૧૭. ૩૮ ટ્રીલીયન હતી.
- દેશના પાયાના ક્ષેત્રોનો વિકાસઆંક જાન્યુઆરી ૨૦૧૮ માં વધીને ૬. ૭ ટકા પર પહોંચ્યો છે. જે ડીસેમ્બર ૨૦૧૭માં ૪. ૨ ટકા હતો. જેમાં સિમેન્ટ સેક્ટરનો વિકાસઆંક સૌથી વધુ ૨૦. ૭ ટકા પર પહોંચ્યો છે.
- ભારતનો ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ઈન્ડેક્સ (IIP) જાન્યુઆરી ૨૦૧૮માં વધીને ૭. ૫ ટકાએ પહોંચ્યો છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના કુલ ૨૩ ઈન્ડસ્ટ્રીયલ ગ્રુપમાંથી ૧૬ ગ્રુપે વૃદ્ધિ દર્શાવી છે. મેન્યુફેક્ચરિંગ આઉટ્પુટમાં ગયા વર્ષની સરખામણીએ ૮. ૭ ટકાનો વધારો, વીજળી ઉત્પાદનમાં વાર્ષિક ૭. ૬ ટકાનો વધારો, માઈનીંગ આઉટ્પુટમાં ૦. ૧ ટકાનો વધારો તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રકશન ગુડ્ઝ આઉટપુટમાં ૬. ૮ ટકાનો વધારો થયો છે.
- ઘરેલું પેસેન્જર વ્હીકલના વેચાણમાં પણ એપ્રીલથી જાન્યુઆરી ૨૦૧૭-૧૮ દરમિયાન ૩૦. ૭ ટકાનો વધારો નોંધાયો છે.
- રિટેલ ફુગાવો અથવા તો કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ઉપર આધારિત ફુગાવો ઘટીને ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં ૪. ૪૦ ટકાનો ફુગાવો નોંધાયો છે. નવેમ્બર ૨૦૧૭માં રિટેલ ફુગાવો ૪. ૮૮ ટકા હતો ત્યારબાદથી આ સૌથી નીચી સપાટી છે. અપેક્ષા કરતાં પણ ફુગાવાનો દર ઓછો રહ્યો છે.
- એપ્રિલ-ડીસેમ્બર ૨૦૧૭ના ગાળા દરમિયાન દેશનાં મોટાં બંદરો ખાતે માલસામાનની હેરફેરમાં ૩. ૬૪ ટકા વૃદ્ધિ થઈને ૪૯. ૯૪ કરોડ ટન પર પહોંચ્યું છે. એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી(અપેડા) દ્વારા જાહેર કરાયેલ આંકડા મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ થી નવેમ્બરના સમયગાળા દરમિયાન કૃષિ પેદાશોની નિકાસના મૂલ્યમાં રૂપિયાની દૃષ્ટિએ ૧૧ ટકાનો અને ડોલર મુજબ ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. ડેરી પ્રોડક્ટ્સ શિપમેન્ટમાં પણ ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.
- ભારતીય ઉત્પાદન સેક્ટરે ડીસેમ્બર માસમાં છેલ્લાં પાંચ વર્ષની સરખામણીએ સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી છે. ઉત્પાદન અને નવા ઑર્ડર્સમાં ઝડપી વૃદ્ધિને પગલે મજબુત બિઝનેસ પરફોર્મન્સ જોવા મળ્યું છે. વૈશ્વિક તેમજ ઘરઆંગણાની માંગમાં વધારો થતા મેન્યુફેક્ચરિંગ પરચેઝ મેનેજર ઈન્ડેક્સ(પીએમઆઈ) ડીસેમ્બરમાં વધીને ૫૪. ૭ થયો છે જે નવેંબરમાં ૫૨. ૬ હતો.
- વીતેલા કેલેન્ડર વર્ષમાં એફઆઈઆઈની તુલનાએ સ્થાનિક સંસ્થાઓ દ્વારા ઈક્વિટીમાં વધુ રોકાણ થયેલું છે. ડીપોઝિટરી પાસે ઉપલબ્ધ ડેટા અનુસાર વીતેલા વર્ષ દરમિયાન એફઆઈઆઈ દ્વારા ભારતીય બજારમાં રૂ. ૪૯૫૦૦ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું હતું જયારે આ જ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાઓ, મ્યુચલ ફંડ અને વીમા કંપનીઓ દ્વારા ઈક્વિટીમાં રૂ. ૧ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.
- ડિસેમ્બર'૧૭ સુધીના સમયગાળામાં ગયા વર્ષની તુલનામાં સીધા વેરાની વસૂલીમાં પણ ૧૮. ૨૦ ટકાનો વધારો થયો છે.

ઉપરોક્ત આંકડાઓ જોતાં ખ્યાલ આવે કે કોંગ્રેસના અનેક આર્થીક કૌભાંડો સામે આવ્યા બાદ પણ ભાજપા સરકારની નીતિવિષયક બાબતોની નિર્ણાયકતા, પારદર્શી શાસન, કાયદાના કડક અમલીકરણ માટેની કટીબધ્ધતા અને જનતાના અતુટ વિશ્વાસને આધારે ભારતીય અર્થતંત્ર ટકાઉ મજબૂતી સાથે આગળ વધી રહ્યું છે.

●



# ખેડૂતલક્ષી નિર્ણયોથી ગુજરાત કૃષિક્ષેત્રે દેશભરમાં પ્રથમ સ્થાને - કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુ



કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુએ જણાવ્યું છે કે, પ્રથમ રહેવાના અભિગમને કૃષિક્ષેત્રે આજે પણ બરકરાર રાખ્યો છે. અપૂરતા વરસાદથી લઈ અતિ વરસાદ સહિત ગ્લોબલ વોર્મિંગની સ્થિતિમાં ગુજરાત સરકારના કૃષિ વિભાગે વિવિધ ખેડૂતલક્ષી નિર્ણયો લીધા અને ધરતીપુત્રોએ અથાગ મહેનત કરી જેના સમન્વયથી ગુજરાત કૃષિ ક્ષેત્રે પણ અવ્વલ નંબરે આજે પણ છે.

કૃષિ અને સહકાર વિભાગની રૂા.૩૪૭૭ કરોડની અંદાજપત્રીય માંગણીઓને વિધાનસભા ગૃહમાં બહુમતીથી પસાર કરવામાં આવી હતી. કૃષિ વિભાગની અંદાજપત્રીય માંગણીઓનો વિપક્ષના પ્રશ્નોનો ઉત્તર આપતાં કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની કૃષિનીતિ અને કૃષિ મહોત્સવો, જળસંચયનાં કામો, કૃષિ યાંત્રીકરણ અને ખેડૂતોને તેમની પેદાશોના વેચાણ માટેની યોગ્ય બજાર વ્યવસ્થાને લઈ ખેડૂતોને અને રાજ્યના અર્થતંત્રને ફાયદો થયો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે કૃષિવિભાગમાં પાક વ્યવસ્થા હેઠળની જોગવાઈ ૨૦૧૭-૧૮માં ૨૫૯૧.૩૯ કરોડ હતી જે વધારીને ૨૦૧૮-૧૯માં રૂા.૨૭૨૩ કરોડ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, ખેડૂતોને પ્રોત્સાહક નીતિને કારણે વાવેતર વિસ્તાર પણ વધ્યો છે અને ઉત્પાદન પણ વધ્યું છે. ૧૯૯૫-૯૬માં ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૩૭.૪૮ લાખ હેક્ટર અને ઉત્પાદન ૪૧ લાખ મે.ટન હતું જે ૨૦૧૬-૧૭માં વાવેતર વિસ્તાર ૩૮ લાખ હેક્ટર અને ઉત્પાદન ૭૪.૧૮ લાખ મે.ટન થયું છે. એ જ રીતે તેલીબિયાંના પાકોમાં ૨૪.૧૨ લાખ મે.ટન, કપાસના પાકોમાં ૨૮.૪૧ લાખ ગાંસડીનો વધારો થયો છે.

રાજ્યમાં ખેડૂતોની આવક વધે અને કૃષિપાકોની ઘરઆંગણે માહિતી મળે તે માટે શરૂ કરાયેલ કૃષિ મહોત્સવથી અનેકગણો ફાયદો થયો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ૨૦૧૭માં થયેલ કૃષિ મહોત્સવમાં ૩.૮૨ લાખ ખેડૂતોએ લાભ લીધો હતો. ૧.૫૬ લાખ સોઈલ હેલ્થ કાર્ડ તેમજ ૩૨૮૩.૫૭ લાખના વિવિધ સહાયોના ચેક અને મંજૂરીપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ કૃષિ માટે ઉપયોગી એવાં જળસંગ્રહ સાધનો જેવાં કે, સિંચાઈ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ વધારવામાં આવી છે. ૨૦૧૮-૧૯માં જળસંરક્ષણનાં કામો માટે રૂા.૩૪૭.૯૧ કરોડની જોગવાઈ કરી છે. તે દ્વારા ખેત તલાવડી, તળાવો ઊંડા કરવા, તથા સંગ્રહના સ્ટ્રક્ચર બનાવવા જેવાં કામો હાથ ધરવામાં આવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ઓછા પાણીએ વધુ પાક લઈ શકાય તેવી સૂક્ષ્મ સિંચાઈને પ્રોત્સાહન રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. તેનો લાભ મોટા પ્રમાણમાં ખેડૂતોએ લીધો છે અને પરિણામ સ્વરૂપ ૧૫ લાખ જેટલા વિક્રમી વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ કાયમી કરી શકાઈ છે અને આઠ લાખથી વધુ ખેડૂતોએ ડ્રીપ સ્પ્રિન્કલર અપનાવી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવ્યું છે.

કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું કે, પાણીની સાથે જરૂરી નવાં કૃષિ વીજજોડાણો, વીજ બીલમાં રાહત, સોલાર પંપ જેવી અનેક બાબતોમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, કૃષિક્ષેત્રે વપરાતી વીજળી માટે ૨૦૧૮-૧૯માં ૪૫૦૦ કરોડ, ગરીબ પરિવારોને વિના મૂલ્યે વીજજોડાણ માટે ૨૭.૯૫ કરોડ, નવાં કૃષિ વીજજોડાણ માટે ૧૯૨૧ કરોડ, સોલાર પંપથી સિંચાઈ માટે ૧૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કૃષિવિષયક વીજજોડાણોના વિપક્ષના પ્રશ્નોનો ઉત્તર આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષે સરેરાશ એક લાખ નવાં કૃષિવિષયક વીજજોડાણો આપવામાં આવ્યા છે. ૨૦૧૮-૧૯માં ૧,૨૨,૦૦૦ નવાં કૃષિ વીજજોડાણો આપવા રૂા.૧૯૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યના ખેડૂતો પરંપરાગત પાકના સ્થાને બીજા પાકો લઈ શકે તે માટે જરૂરી સોઈલ હેલ્થ કાર્ડની વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે બે તબક્કામાં રાજ્યમાં ૮૯ લાખ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરી પૂરી કરવામાં આવી છે. હાલમાં રાજ્યમાં ૭૮ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં

પૃથક્કરણ કરવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં ખેડૂતોને રાસાયણિક ખાતર મળતું નથી તેવા વિપક્ષના પ્રશ્નોના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં ૧૫ જેટલી માન્ય ખાતર વિતરક સંસ્થાઓ , ૮૫૧ જેટલા હોલસેલર અને ૮૮૫૦ જેટલા ખાતર વિક્રેતાઓ ખાતર વિતરણ સાથે સંકળાયેલા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેડૂતોની જરૂરિયાત કરતાં વધુ ખાતર પૂરું પાડવામાં આવ્યું છે અને ખાતર માટે ખેડૂતોને લાઇનમાં ઊભા રહેવું પડે તે ભૂતકાળ બની ગયો છે. તેમણે જણાવ્યું કે યુરિયાની ૧૭.૬૦ લાખ મે.ટનની જરૂરિયાત સામે ૧૮.૬૦ લાખ મે.ટનની ફાળવણી, ડી.એ.પી. ખાતરમાં ૪.૧૫ લાખ મે.ટનની સામે ૬.૩૧ લાખ, એમઓપી ખાતર ૧.૧૪ લાખ મે.ટનની સામે ૨.૨૦ લાખ મે.ટનની ફાળવણી કરી છે. એટલું જ નહિ, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૬૮૭૯૧.૫૫ મે.ટન યુરિયા, ૪૦૮૫૪ ટન ડીએપી, એએસપી ૨૬૭૪૧ મળી કુલ ૧૩૬૫૬૬.૧૫ ટન ખાતરનો જથ્થો સંગ્રહ કરાયો છે. સાથોસાથ બિયારણની સાથે જંતુનાશક દવાઓ પણ સરકારની વિવિધ સંસ્થાઓ દ્વારા મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના ખેડૂતોને કૃષિ યાંત્રીકરણમાં સહાય માટેની નાણાકીય સહાયમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે. ૨૦૧૧-૧૨થી ૧૭૨.૫૫ કરોડની જોગવાઈ વધારીને ૨૬૯.૧૭ કરોડ કરી ખેડૂતોને મહત્તમ લાભ આપેલ છે. એટલું જ નહી એગ્રો સર્વિસ પ્રોવાઈડર હેઠળ પાક પદ્ધતિ અનુસાર આધુનિક ખેતઓજારો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ૮૫ ટકા અને સામાન્ય વિસ્તારમાં ૭૫ ટકા સુધી સહાય આપવામાં આવી છે.

રાજ્યના કૃષિ ઉત્પાદનમાં બાગાયતી પાકોનો અહમ્ ફાળો છે તેમ જણાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં બાગાયતી પાકોનું વાવેતર ૧૬.૪૧ લાખ હેક્ટરમાં થાય છે. તે રાજ્યના કુલ વાવેતર વિસ્તારના ૧૩ ટકા જેટલું છે અને દેશમાં ચોથું સ્થાન ધરાવે છે. બાગાયત ક્ષેત્રે ગુજરાત જીરૂ વરિયાળીમાં પ્રથમ સ્થાને, પપૈયામાં બીજા સ્થાને, કેળામાં પ્રથમ, ચીકુમાં બીજા, દાડમમાં ત્રીજા, શાકભાજીમાં ત્રીજા ક્રમે છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા પંદર વર્ષમાં બાગાયતી પાકોનો ૮.૫૭ લાખ હેક્ટર વિસ્તાર અને ઉત્પાદનમાં ૧૬૪.૨૧ લાખ મે.ટન વધારો થયેલ છે.

કૃષિમંત્રીશ્રીએ ખેડૂતોને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ તથા અધતન માહિતી ઘરઆંગણે આસાનીથી મળી રહે તે માટે ikhedut portal તૈયાર કરવામાં આવેલ છે. જેના દ્વારા ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણની સેવાઓ ઉપલબ્ધ છે. અત્યાર સુધી ૧૭.૧૩ લાખ ખેડૂતોનું રજિસ્ટ્રેશન થયેલ છે. કૃષિક્ષેત્રે થયેલ સંશોધનને આ સરકાર પ્રોત્સાહન આપી રહી છે. આગવી કોઠાસૂઝથી નવીનતમ પ્રયોગથી સફળ થયેલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર દ્વારા રૂા.૫૧૦૦૦ આપી ૩૦થી વધુ ખેડૂતોનું બહુમાન કરવામાં આવેલ છે.

રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અમલી બનાવી ખેડૂતોને પાક સામે રક્ષણ આપવામાં આવે છે. ખરીફ પાકો માટે ૨ ટકા, ઉનાળુ પાક માટે ૧.૫૦ ટકા તેમજ બાગાયતી-વાણિજ્યિક પાકો માટે ૫ ટકા પ્રીમિયમ ભરવાનું રહે છે. બાકીની રકમ રાજ્ય અને કેન્દ્ર સરકાર સરખે હિસ્સે ભોગવે છે. આ માટે રૂા.૧૦૦૧ કરોડની જોગવાઈ કરી છે. કૃષિમંત્રીશ્રીએ ખેતી માટે ભારે સાધનો ખરીદવા, ટ્રેક્ટર સહાય માટે રૂ.૧૪૫ કરોડ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ખેતતલાવડી માટે રૂા.૮૫ કરોડ, ઓર્ગેનિક પોલિસી અંતર્ગત ૧૦ કરોડ સહિત વિવિધ જોગવાઈની માહિતી પૂરી પાડી હતી.

કૃષિક્ષેત્રે નવી બાબતોની વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા અનુસૂચિત જનજાતિના ખેડૂતોને પ્રોત્સાહક સહાય માટે રૂા.૨૪.૦૦ કરોડ તેમજ અનુસૂચિત જાતિ માટે રૂા.૬૨.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બાગાયત ખાતાની યોજનાઓ માટે ૨૦૧૮-૧૯માં ૩૪૩.૪૨ કરોડ અને નવા કાર્યક્રમો માટે ૩૨.૩૨ કરોડ સહિત રૂ.૩૭૫.૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ ઉત્પાદન અને સહાય સાથે ભૂમિ અને જળસંરક્ષણ માટે રૂ.૫૪૭.૯૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે અંતર્ગત ૨૮૮ ગામતળાવ ઊંડા કરવા, ૨૮૯૬ ખેતતલાવડી, ૮૬૦ સીમતલાવડી, ૧૯૧૬ જળસંગ્રાહક સ્ટ્રક્ચર સહિત ૩૨૮૬૨ હેક્ટર વિસ્તારમાં જમીન અને જળસંરક્ષણની કામગીરી કરવામાં આવનાર છે.

ભૂંડ અને રોઝડાં જેવાં પ્રાણીઓથી ખેત પાકોને નુકશાન સંદર્ભે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરની ફરતે તારની વાડ બનાવવાની યોજના અમલી બનાવાઈ છે. આ માટે રૂા.૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને આ દ્વારા ૯૭.૫૦ લાખ રનીંગ મીટર તારની વાડની કામગીરી હાથ ધરાશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી આ ભારતીય જનતા પક્ષની સરકારે ખેડૂતલક્ષી અનેકવિધ નિર્ણયો લઈને ખરા અર્થમાં ખેડૂતલક્ષી સરકાર બની રહી છે.



# રાજયના શહેરી વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાયુક્ત સુવિધાઓ પૂરી પાડીને શહેરો-નગરોને વધુ ધબકતાં કરવા રાજ્ય સરકારનો નિર્ધાર

શહેરી વિસ્તારોમાં વસતા નાગરિકોની જરૂરિયાતો પૂરી થાય અને શહેરોનો સર્વાંગી વિકાસ થાય તે અમારી નેમ છે, શહેરી વિસ્તારના નાગરિકોને ગુણવત્તા યુક્ત સુવિધાઓ પૂરી પાડીને શહેરો-નગરોને વધુ ધબકતાં કરવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને ચાલુ વર્ષના અંદાજપત્રમાં શહેરી વિકાસ વિભાગ માટે રૂ.૧૨,૫૦૦ કરોડની માતબર જોગવાઈ કરી છે.

વિધાનસભા ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની માંગણીઓ રજૂ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શહેરોની માળખાકીય જરૂરિયાતો સંતોષવા માટે વર્ષ -૨૦૦૯-૧૦ થી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના અમલી બનાવી છે જેનાં પ્રોત્સાહક પરિણામોને લઈને રૂા. ૧૫ હજાર કરોડની જોગવાઈ વર્ષ ૨૦૧૨-૧૩ થી બીજો તબક્કો પાંચ વર્ષ માટે અમલી બનાવ્યો, જે વધુ ૩ વર્ષ માટે ચાલુ રખાશે. આ માટે આ વર્ષના બજેટમાં ૪૫૩૯.૭૧ કરોડની ફાળવણી કરાઈ છે. આ યોજના હેઠળ ૨૭ શહેરોમાં રૂ.૩૮૨ કરોડનાં પાણી પુરવઠાનાં કામો, ૭ શહેરોમાં ભૂગર્ભ ગટરનાં નવાં કામો, ૩૭ શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાનાં ચાલુ કામો પૂર્ણ કરવા તથા ૧૨૦ શહેરોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં કામો શરૂ કરવા રૂા. ૧૨૬૪ કરોડની ફાળવણી કરાઈ છે.

શહેરી ગરીબોને આવાસસુવિધાઓ પૂરી પાડવા માટે આ વર્ષના બજેટમાં રૂા. ૧૨૮૦.૩૯ કરોડની જોગવાઈ સૂચવાઈ છે, જે હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના માટે રૂ.૭૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ યોજના હેઠળ ૮૫,૦૦૦ આવાસોનું નિર્માણ કરવાનું આયોજન છે તેમજ ક્રેડિટ બિલ્ડ સબસીડી સ્કીમ યોજના હેઠળ ૧૫ હજાર લાભાર્થીઓને વ્યાજ સહાય અપાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે વિવિધ આવાસ યોજનાઓ હેઠળ ૬૩,૧૩૯ આવાસોનું બાંધકામ પૂર્ણતાના આરે છે.

ટ્રાફિક સમસ્યા હળવી બનાવવા ૮ મહાનગરપાલિકા અને ‘અ’ વર્ગની ૨૨ નગરપાલિકામાં સ્વર્ણિમ યોજના હેઠળ રૂા. ૨૯૦ કરોડના ખર્ચે ૨૮૬૪ બસો, કોન્ટ્રાક્ટ ધોરણે શરૂ કરાશે. નગરોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સ્વચ્છ ભારત મિશન હેઠળ ૧૬૨ નગરપાલિકાઓ અને ૮ મહાનગરોને શૌચક્રિયામુક્ત જાહેર કર્યા છે, જેના પરિણામે રાજ્યનાં ૧૨ શહેરો દેશનાં પ્રથમ ૫૦ સ્વચ્છ શહેરોમાં સમાવેશ થયો છે. નગરપાલિકાની નાણાકીય વ્યવસ્થામાં સુદૃઢ બનાવવા માટે સફાઈવેરા પ્રોત્સાહન યોજના અમલમાં મૂકી છે, જે હેઠળ ૭૯ નગરપાલિકાઓને રૂા. ૨૨૧૩.૯૦ લાખની સહાય આપવામાં આવી છે.

શહેરોના સુગ્રથિત વિકાસ માટે કેન્દ્ર સરકારે સ્માર્ટ સિટી યોજના જાહેર કરી છે. જે હેઠળ રાજ્યનાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ શહેરોનો સમાવેશ કરાયો છે. આ ૬ શહેરોમાં કુલ રૂ.૧૨૩૨૧.૦૦ કરોડના સ્માર્ટ સિટીને લગતા પ્રોજેક્ટ મંજૂર કરાયા છે. આ માટે આ વર્ષે રાજયભરમાં રૂ.૫૯૭ કરોડની જોગવાઈ કરી છે. ઉપરાંત શહેરોમાં માળખાગત સવલતોના નિર્માણ માટે અમૃત મિશન હેઠળ વર્ષ ૨૦૨૦ સુધી ગુજરાત માટે રૂ.૪૮૮૪ કરોડનાં ૩૪૪ કામો મંજૂર કરાયાં છે.

રાજ્ય સરકારે અમદાવાદ શહેર અને ગાંધીનગર માટે આંતરિક પરિવહન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના ૫૦-૫૦ ટકાના સહભાગીદારીથી રૂ.૧૦૭૭૩ કરોડનો મેટ્રોરેલ પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેના રૂા. ૮૦૦૦ કરોડનાં ટેન્ડરો આખરી કરી કામગીરી શરૂ કરાઈ છે. વસ્ત્રાલથી એપેરલ પાર્ક ઉપર ૬.૫ કિ.મી. રૂટ પરના ૬ સ્ટેશનના બાંધકામની કાર્યવાહી પ્રગતિમાં છે. આ યોજના માટે આ વર્ષે રૂ.૫૯૨ કરોડની જોગવાઈ કરી છે.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૧થી નગરપાલિકા કક્ષાએ ઓક્ટ્રોય નાબૂદી કરી છે તેની અવેજીમાં ઓક્ટ્રોય વળતરની ગ્રાન્ટ રાજ્ય સરકાર ચૂકવે છે. આ માટે વર્ષ ૨૦૧૮-૧૯માં ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ પેટે નગરપાલિકાઓને રૂા. ૪૨૬.૭૦ કરોડ અને મહાનગરપાલિકાઓ માટે રૂા. ૨૩૩૭.૧૮ કરોડ મળી કુલ ૨૭૬૩.૮૮ કરોડની જોગવાઈ કરી છે, જેના લીધે સ્થાનિક કક્ષાએ વિવિધ વિકાસકામો હાથ ધરાશે.

# માર્ગસુવિધા, પુલો અને આંતરમાળખાકીય સવલતોના નિર્માણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ



નાયબ મુખ્યમંત્રીશ્રી અને માર્ગ-મકાન વિભાગના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના સર્વાંગી વિકાસમાં માર્ગ-મકાન સુવિધાઓનો ફાળો મહત્ત્વનો છે, જેમાં માર્ગસુવિધા, પુલો અને આંતરમાળખાકીય સવલતોના નિર્માણ થકી ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે, જે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી આયોજન અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સમયસર અમલીકરણને આભારી છે.

માર્ગ-મકાન વિભાગની રૂ.૯,૨૫૨ કરોડની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, મહાનગરોને જોડતા માર્ગોને પહોળા કરવા, માર્ગ સુધારણા તથા પુલોના નિર્માણ માટે અંદાજપત્રમાં રૂ.૧,૭૧૦ કરોડની તથા ગ્રામ્ય રસ્તાના નિર્માણ, સુધારણા અને આદિજાતિ વિસ્તારના રસ્તાઓ માટે રૂ. ૨,૨૭૨ કરોડની જોગવાઈ આ વર્ષના અંદાજપત્રમાં કરાઈ છે. સાથે સાથે રાજ્ય ધોરીમાર્ગ પર અગત્યના જંકશન પર ફ્લાય ઓવર-અંડર પાસ બાંધવા માટે રૂ.૮૦૪ કરોડની યોજના જાહેર કરી છે. તે માટે રૂ.૭૯.૫૦ કરોડની જોગવાઈ કરી છે. એ જ રીતે પંચાયત હસ્તકમાંથી રાજ્ય વિભાગને તબદીલ થયેલા મુખ્ય જિલ્લા માર્ગોને પહોળા તેમજ મજબૂત કરવા રૂ.૧,૦૭૨ કરોડની યોજના બનાવી છે. તે માટે રૂ. ૧૦૭ કરોડની જોગવાઈ કરાઈ છે. સાથે સાથે રાજ્યના કોર નેટવર્કમાં સમાયેલ રસ્તાઓનું રોડ સેફ્ટી ઓડિટ કરાવી સુધારાત્મક કામગીરી કરવા માટે રૂ.૫૪૫ કરોડની યોજના માટે રૂ. ૧૬ કરોડની જોગવાઈ કરાઈ છે.

રાજ્યના નાગરિકોને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારે ક્રાંતિકારી નિર્ણય કર્યો છે તેની વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર હસ્તકના રસ્તાઓ પર કાર, જીપ, રાજ્ય પરિવહન નિગમની બસોને ટોલટેક્સ ભરવામાંથી વર્ષ-૨૦૧૬થી મુક્તિ આપી છે, જે હેઠળ અત્યાર સુધી રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૦૦ કરોડની રાહત આપી છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યના ૧૭,૪૮૩ ગામો તથા ૧૬,૪૦૨ પરાંઓમાં માર્ગસુવિધા માટે 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' ગત વર્ષથી અમલી બનાવી છે તે માટે રૂ.૨,૮૦૯.૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના હેઠળ રાજ્યનાં ગામડાંઓને આંતરિક પેટાપરા, ફળિયા સાથે જોડવા માટે નોન પ્લાન રસ્તાઓને પાકા ડામરના રસ્તા કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કહ્યું કે, વર્ષ-૨૦૧૭-૧૮માં અંદાજે ૪,૦૪૯ કરોડના ૮૩૪ કિ.મી. લંબાઈના ૮૪ રસ્તાઓને પહોળા કરવાના ભાગરૂપે ચાર-છ માર્ગીયકરણનાં કામો હાથ ધરાયાં હતાં તે પૈકી રૂ.૧૫૦ કરોડના રાજકોટ-ભાવનગર રોડ સહિત અન્ય ચાર માર્ગોનાં કામોનો સમાવેશ કરાયો છે. સાથે સાથે રૂ. ૩૮૨ કરોડના રાજકોટ-મોરબી, પાલનપુર-દાંતા-અંબાજીના રૂ.૧૭૨ કરોડના, રૂ.૧૪૭.૧૩ કરોડના ગોઝારીયા-વિસનગર-ખેરાલુ-દાંતા અને રૂ.૧૨૨ કરોડના નડિયાદ-ડાકોર-પાલીના ચાર માર્ગીયકરણ કરવાનાં કામો પ્રગતિમાં છે અને આગામી વર્ષે રૂ.૪૫૦ કરોડનાં ૭ કામો હાથ ધરાશે. એ જ રીતે વર્ષ-૨૦૧૭-૧૮માં કુલ ૧,૩૧૧ કિ.મી. લંબાઈના રસ્તાઓ ૧૦ મીટર પહોળા કરવાનાં કામો રૂ.૨,૦૪૫ કરોડ જેટલી રકમના ખર્ચે હાથ ધરાયાં તે પૈકી ૩૪૯ કિ.મી. લંબાઈના રસ્તાનાં કામો રૂ.૫૪૧ કરોડના ખર્ચે પૂર્ણ થયાં છે. જ્યારે ૯૭૧ કિ.મી.નાં કામો પ્રગતિ હેઠળ છે. સાથે સાથે ૨૭૧ કિ.મી.લંબાઈના રસ્તાને ૭ મીટર પહોળો કરવા માટે રૂ.૨૦૨ કરોડનાં કામો પૂર્ણ થયાં છે અને ૯૯૩

કિ.મી.નાં કામો વર્ષ ૨૦૧૮-૧૯માં પૂર્ણ કરાશે, જેમાં ૧,૨૫૦ કરોડનો ખર્ચ થશે.

તેમણે ઉમેર્યું કે, રસ્તાના વિકાસની સાથે પુલોનું નિર્માણ પણ મહત્ત્વનું છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૧,૧૦૪ કરોડના ૫૨ (બાવન) પુલોનાં નિર્માણનાં કામો પ્રગતિ હેઠળ છે. તેમજ ૨૭૩.૬૦ કરોડના નવા પુલોનાં કામો હાથ ધરાશે. ગ્રામ્યસ્તરે ૫૩૮ પુલોના નિર્માણ માટે રૂ.૫૨૫ કરોડનાં કામો મંજૂર કર્યાં છે જે હવે શરૂ થશે. રાજ્ય સરકારે વિશ્વબેન્ક સહાયિત યોજના હેઠળ અંદાજે રૂ.૧,૯૩૮ કરોડના રસ્તાની સુધારણાનાં કામો હાથ ધર્યાં છે. જેમાં ૧,૦૫૦ કરોડની વિશ્વબેન્કની લોન લીધી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું કે, રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ ૭,૨૯૩ કિ.મી. થઈ છે. ૪૭૪.૬૨૫ કિ.મી. લંબાઈના સાત માર્ગોને ભારત માલા પરિયોજના હેઠળ રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર કરાયા છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્ય સરકાર હસ્તકના રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસ માટે રૂ.૨,૦૭૦.૬૮ કરોડનાં ૧૨૭ કિ.મી.નાં ૯ કામો તેમજ નેશનલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા હસ્તકના ગુજરાત રાજ્યના રાષ્ટ્રીય ધોરીમાર્ગના રૂ. ૧૭,૫૮૬ કરોડના ૪૩૦ કિ.મી.નાં કામો મંજૂર કરાયાં છે. અમદાવાદ-બગોદરા-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગના ૨૦૧ કિ.મી. લંબાઈના રસ્તાને રૂ.૨,૮૯૩ કરોડના ખર્ચે છ માર્ગીય કરવાની કામગીરી શરૂ કરાઈ છે. સાથે સાથે ચિલોડા-ગાંધીનગર-સરખેજ માર્ગને છ માર્ગીય કરણ, ૭ ફલાય ઓવર, ૧ એલીવેટેડ કોરીડોરની સુવિધા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૮૪૫.૯૮ કરોડના ખર્ચે મંજૂર કરાયો છે તે કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ઓખા-બેટ દ્વારકાને જોડતા ચારમાર્ગીય કેબલ સ્ટેઈડ બ્રિજનું બાંધકામ રૂ.૯૬૪.૪૩ કરોડના ખર્ચે હાથ ધરાયું અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની ખાતેના રાષ્ટ્રીય ધોરી માર્ગોને ચાર માર્ગીય કરવાના રૂ.૨૨૪ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે. માર્ગ-મકાન વિભાગ હસ્તકના અન્ય વિભાગોનાં મકાનો માટે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૫૭૩.૫૦ કરોડનાં ૪૨૧ કામો પૈકી ૮૯ સરકારી ઈમારતો નિર્માણ કરાઈ છે. ●

## જી.એસ.ટી.ના અમલીકરણ બાદ રાજ્યમાં ૩ લાખ ૬૬ હજારથી વધુ નવા વેપારીઓ ઉમેરાયા - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

સમગ્ર દેશમાં ગત તા. ૧ જુલાઈ-૨૦૧૭ના રોજ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ કરવામાં આવ્યો છે. આ જી.એસ.ટી.ના અમલ બાદ અત્યાર સુધીમાં ભારતમાં કુલ-૩૯ લાખથી વધુ નવા વેપારીઓ નોંધાયા છે. જ્યારે ગુજરાતમાં ૩ લાખ ૬૬ હજારથી વધુ નવા વેપારીઓએ નોંધણી કરાવી છે. સમગ્ર દેશનાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ એક કરોડથી વધુ વેપારી જી.એસ.ટી. હેઠળ નોંધાયા છે, તેમ વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન સુરત-ઉત્તરના ધારાસભ્ય શ્રી કાન્તિભાઈ બલર દ્વારા રાજ્યમાં જી.એસ.ટી. નોંધણી અંગે પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

જી.એસ.ટી.માં નોંધણી, રીટર્ન તથા પેમેન્ટની પદ્ધતિ જી.એસ.ટી. પોર્ટલ www.gst.gov.in થકી ઓન લાઈન થાય છે. ગુજરાતે Model-2 સિલેક્ટ કર્યું છે. જેથી GSTN દ્વારા રજિસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અને MIS જેવી એપ્લિકેશન ડેવલોપ કરવામાં આવશે. ભારત સરકાર, તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા સંયુક્ત રૂપે દેશનું સૌથી મોટું સર્વર GSTN તૈયાર કરવામાં આવ્યું છે. આ GSTNના માધ્યમથી વેપારીઓ દ્વારા વેચવામાં આવેલ તેમજ ખરીદવામાં આવેલ માલ-સમાનની વિગત મળી રહે છે. જેથી કરચોરી અટકાવી શકાય છે. આ GSTN દ્વારા નોંધણીની માહિતી, રીટર્નની માહિતી તેમજ પેમેન્ટની માહિતી મળી રહીછે, તેમ ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ દ્વારા પુછાયેલા પૂરક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું.

ડૉ. હર્ષદ પટેલ

# વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યોએ કરેલી મારામારીનો દિવસ ગુજરાતની લોકશાહીમાં કોંગ્રેસના નામે કાળા અક્ષરે લખાશે - શ્રી જીતુભાઈ વાઘાણી




વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યોએ કરેલી મારામારી અંગે તીવ્ર પ્રતિક્રિયા આપતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતની લોકશાહીમાં આજનો દિવસ કોંગ્રેસના નામે કાળા અક્ષરે લખાશે. વિધાનસભા ગૃહમાં પ્રજાના પ્રશ્નોની યોગ્ય રીતે ચર્ચા થાય, તેનું નિરાકરણ થાય તે માટે કેટલીયે આશાઓ અને આકાંક્ષાઓ સાથે પ્રજા તેના પ્રતિનિધિને ગૃહમાં મોકલતી હોય છે. બજેટ સેશન જેવા મહત્ત્વના સેશનમાં ભાગ લેવાને બદલે કોંગ્રેસે ગૃહની ગરિમા જાળવ્યા વિના ભાજપાના સભ્યો પર જે રીતની ક્રૂરતાથી ચાલુ ગૃહે હુમલો કર્યો છે તેવી આ અત્યંત શરમજનક ઘટનાને હું વખોડી કાઢું છું તેમજ સમગ્ર મામલે કોંગ્રેસને સંપૂર્ણપણે દોષિત માનું છું.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ ઘટના કોંગ્રેસના અંદરોઅંદરના ઝઘડાઓ અને વિખવાદોનું પરિણામ છે. કોંગ્રેસના નેતા પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને બોલતા હોય ત્યારે કોંગ્રેસમાં જ આ હુમલાખોર સભ્યોનું વચ્ચે બોલવું અને વેલ સુધી ધસી આવવું વગેરે જેવી બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે, આ આખા ઘટનાક્રમમાં ભાજપાના ધારાસભ્યો પર ખોટા આક્ષેપો કરી કોંગ્રેસ પોતાના આંતરકલહ અને ઝઘડાઓ પર ઢાંકપિછોડો કરવા માંગે છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, જ્યારે વિપક્ષના જવાબદાર આગેવાન ગૃહમાં અધ્યક્ષશ્રી સમક્ષ તેમના સભ્યોના ગેરવર્તનની સજા ઓછી કે હળવી કરવાની વિનંતી કરતા હોય એ જ સાબિત કરે છે કે કોંગ્રેસ ખુદ માને છે, સ્વીકારે છે કે તેમના સભ્યોએ ગેરવર્તાવ કર્યો છે. કોંગ્રેસે તેની અરાજકતા ફેલાવવાની હીન માનસિકતા સાથે આજે જે પ્રકારની ગુંડાગર્દી અને મારામારી કરી છે તે પરથી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસને પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં કોઈ જ રસ નથી. મને એ કહેતાં આજે જરાય સંકોચ નથી કે કોંગ્રેસનું આખેઆખું કુળ જ સડેલું છે. ૧૯૯૬માં પણ કોંગ્રેસના ધારાસભ્યોએ આ જ રીતે માઈક ઉખાડી ગૃહમાં હુમલો કર્યો હતો. ધાકધમકી આપવી, મારામારી કરવી એ કોંગ્રેસનું ચરિત્ર છે, જ્યારે સેવા અને સૌમ્યતા એ ભાજપાના સંસ્કાર છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અમારી ધીરજની કસોટી ના કરે. અમે કાયદો અને નીતિ-નિયમોમાં માનીએ છીએ. ગૃહની ગરિમા જાળવવાની જવાબદારી સૌ કોઈની છે. કોંગ્રેસના સભ્યો હજુ પણ શરમાવાને બદલે, તમને ગૃહની બહાર જોઈ લઈશું તેવી ધમકીઓ ભાજપાના ધારાસભ્યોને આપે છે ત્યારે હું કોંગ્રેસને સ્પષ્ટ કહેવા માંગું છું કે, અમારી ધીરજ અને સંયમને અમારી નબળાઈ ના સમજે. ચૂંટણીના મેદાનમાં કોંગ્રેસ અમને પહોંચી નથી શકતી તેથી ગુજરાતમાં સતત છઠ્ઠી વખત હારેલી કોંગ્રેસ હારની હતાશામાં આવાં ગુનાહિત કૃત્યો કરી રહી છે. ગુજરાતની જનતાએ કોંગ્રેસને ૧૯૯૬થી સત્તાની બહાર રાખી છે અને ૨૦૧૯ અને ૨૦૨૨નાં સપનાં જોવાનું પણ કોંગ્રેસે બંધ કરી દેવું જોઈએ, કારણ કે ગુજરાત અને દેશની જનતાએ કોંગ્રેસની ગુનાહિત અને ભ્રષ્ટાચારી માનસિકતાને ઓળખી લીધી છે. હું ગુજરાત અને દેશની જનતાનો પણ અભિનંદન સાથે આભાર માનું છું કે આવી સત્તાલાલચુ કોંગ્રેસને તેનું યોગ્ય સ્થાન જનતાએ બતાવી દીધું છે.

# કોઈપણ સભ્ય ભવિષ્યમાં ગેરવર્તણૂકની હિંમત ન કરે તે માટે તથા સંસદીય લોકશાહીની ઉચ્ચ પ્રણાલી જાળવી રાખવા માટે સરકાર કટિબદ્ધ



તા. ૨૮મી ફેબ્રુઆરીએ વિધાનસભા અધ્યક્ષશ્રી સામે કોંગ્રેસ પક્ષ દ્વારા વજૂદ વગરનાં કારણોસર અવિશ્વાસની દરખાસ્ત મૂકવામાં આવી હતી. તા. ૧૪મી માર્ચના રોજ ગૃહમાં કોંગ્રેસના સભ્યો દ્વારા શરમજનક અને લોકશાહીને લાંછનરૂપ બનાવ બન્યો હતો. આ બન્ને બનાવોને સમાધાનની ભૂમિકામાં સાથે સાંકળવા વ્યાજબી ન હોવાનું સંસદીય બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે. ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલી અપીલ પણ વિરોધપક્ષ દ્વારા અવગણવામાં આવી છે.

૧૪મી માર્ચના રોજ વિધાનસભા ગૃહમાં સર્જાયેલું દશ્ય સમાજમાં સૌએ જોયું છે, રાજ્ય સરકાર આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને કોઈપણ સભ્ય ભવિષ્યમાં આ પ્રકારની ગેરવર્તણૂકની હિંમત ન કરે તે માટે તથા સંસદીય લોકશાહીની ઉચ્ચ પ્રણાલી જાળવી રાખવા માટે સરકાર કટિબદ્ધ છે. આવી ઘટનાને સરકાર સહેજ પણ હળવાશથી લેવા માંગતી નથી. ગૃહ દ્વારા એક ધારાસભ્યશ્રીને ૧ વર્ષ માટે અને બે ધારાસભ્યશ્રીઓને ૩ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે જે ગૃહના અધિકારની રૂએ સસ્પેન્ડ કરાયા હોવાનું મંત્રીશ્રીઓએ જણાવ્યું હતું.

ગૃહમાં અશોભનીય અને લોકશાહીને લાંછનરૂપ વર્તણૂક આચરનારા સભ્યોને સસ્પેન્ડ કરવાનો ગૃહને અધિકાર હોવાનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીઓએ જણાવ્યું કે, ભૂતકાળમાં પહેલી લોકસભાના સભ્યશ્રી એસ.જી. મૃદગલને લોકસભાએ ૧૯૫૨મા સભ્યપદેથી દૂર કર્યા હતા. વર્ષ-૨૦૧૦માં રાજસ્થાન વિધાનસભા ગૃહમાં પણ બે ધારાસભ્યોને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતે જણાવેલ કે, "તા.૧૭, ૧૮ અને ૧૯ માર્ચ ૨૦૧૦માં ગૃહમાં જે વાતાવરણ સર્જાયું તેનું હું પુનઃ ઉચ્ચારણ કરવા માંગતો નથી. ગૃહને સૂચારૂ રૂપે ચલાવવાની જવાબદારી પક્ષ સાથે પ્રતિપક્ષની પણ છે."

મધ્યપ્રદેશમાં બે ધારાસભ્યોને ગૃહમાં તેમની વર્તણૂકના મુદ્દે ગૃહના સભ્યપદેથી જ દૂર કરવામાં આવ્યા હતા, કે જે ૩ વર્ષના સસ્પેન્શન કરતાં પણ આકરી સજા છે. આ બાબતને હાઈકોર્ટમાં પડકારવામાં આવતાં કોર્ટ દ્વારા પણ અધ્યક્ષના નિર્ણયને માન્ય રાખવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રમાં ૧૯૬૪ અને ૨૦૦૯માં ધારાસભ્યને ચાર વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશમાં પણ ત્યાંની વિધાનસભાએ તેના એક સભ્યને સન ૨૦૧૫માં ૧ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા હતા.

તા. ૧૪/૩/૨૦૧૮ના રોજ ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરીકાળ બાદ કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો શ્રી પ્રતાપભાઈ દૂધાત, શ્રી અમરીશભાઈ ડેર અને શ્રી બળદેવજી ઠાકોર દ્વારા ગૃહની કાર્યવાહી ખોરવી નાંખવાનો પ્રયાસ કરીને, ગૃહ તથા કોરીડોરમાં મારામારી કરીને જે પ્રકારે ભયનો માહોલ ઊભો કરાયો હતો તેની ગંભીરતાથી નોંધ લઈને ત્રણેય ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાનો જે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, તેમાં કંઈ જ ખોટું થયું નથી. ગૃહમાં બનેલી સમગ્ર ઘટનાની ગંભીરતા તથા તેનો વ્યાપ જોતાં આ ઘટના સમગ્રપણે ગૃહના અવમાનની ગંભીર ઘટના છે. કોંગ્રેસ પક્ષે આ ઘટના બદલ તેના સભ્યો પાસે ગૃહની બિનશરતી માફી મંગાવવાની ચેષ્ટા પણ દાખવી નથી જે વિચારવા જેવી બાબત છે. આ પ્રકારની અવમાનનાની ગંભીર ઘટનાને કારણે જ ત્રણેય ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય સમગ્ર વિધાનસભા ગૃહનો હોવાનું સંસદીય બાબતોના મંત્રીશ્રીઓએ જણાવ્યું હતું. આ ઘટના માન. અધ્યક્ષ અને ગૃહના તમામ સભ્યોની હાજરીમાં અને સાક્ષીમાં બની છે, જેને માટે કોઈ વિશેષ પુરાવાની જરૂર નથી ત્યારે સસ્પેન્ડ થયેલા સભ્યો માટે સહાનુભૂતિ પ્રાપ્ત કરવા ઘટના બન્યા પછી પાછળથી વિચારેલા બિનપાયેદાર આક્ષેપો કરવાનો કોઈ અવકાશ હોઈ ન શકે.

મંત્રીશ્રીઓએ વધુમાં જણાવ્યું કે, ગૃહમાં જે ઘટના બની તે સંદર્ભમાં અને ત્યારબાદના ઘટનાક્રમથી સરકાર ચિંતિત છે અને ગૃહમાં કે ગૃહની બહાર ચર્ચા કરવા માટે સરકારની તૈયારી છે. આવા બનાવોને ગૃહે હળવાશથી લીધાં હોત તો લોકશાહીનાં મૂલ્યોની રક્ષાની જવાબદારી જેના શીરે છે તેવા વિધાનસભા ગૃહ માટે યોગ્ય ન ગણાત. સમગ્ર ઘટનાક્રમ જોતાં સભ્યોની આ પ્રકારની વર્તણૂક માટે ધારાસભ્યશ્રીઓને સભ્યપદેથી દૂર કરવા સુધીની મહત્તમ શિક્ષા પણ હોઈ શકે, આમ છતાં પુખ્ત વિચારણા કર્યા બાદ જ માત્ર સસ્પેન્શનનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

સંસદીય કાર્યપ્રણાલીના ભાગ-૨ના પૃષ્ઠ-૭૮૨ પર દર્શાવવામાં આવેલા નિર્દેશનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે, ગૃહના સભ્યોની વર્તણૂક માટે પોતાના સભ્યોને શિક્ષા કરવાનો સભાગૃહનો અંતર્ગત અધિકાર છે. ગૃહને પોતાની કાર્યવાહીના નિયમો ઘડવાનો અધિકાર છે પરંતુ ગૃહ પોતાના માટે જે નિયમો બનાવે તેને અનુસરવા બાબતમાં બહારની કોઈ સત્તાને ગૃહ જવાબદાર નથી અને તે તેના સ્વવિવેકાનુસાર તે નિયમોથી જુદી રીતે પણ વર્તી શકે છે. ●

# તુષ્ટીકરણ અપનાવી કોંગ્રેસે માત્ર મુસ્લિમ મતો અંકે કરવાનું જ કામ કર્યું છે - ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા



**હજ સબસીડી નાબૂદ થતાં મહિલાઓના સશક્તિકરણ માટે ખર્ચ કરવામાં આવશે**

**કેન્દ્ર સરકાર દ્વારા હજ સબસીડી નાબૂદ કરવાના નિર્ણયને અનુમોદન આપતા બિનસરકારી સંકલ્પનો ગૃહ દ્વારા વિના વિરોધે સ્વીકાર**

તુષ્ટીકરણની રાજનીતિ અપનાવી કોંગ્રેસ દ્વારા વર્ષોથી કટ્ટરપંથી મુસ્લિમોને પંપાળવાની નીતિ શરૂ કરીને માત્ર મતોનું રાજકરણ ખેલવાનું કાર્ય કરવામાં આવ્યું હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. ગોધરામાં કારસેવકોને જીવતા ભૂંજી દેવાની ઘટનામાં આરોપીઓને બચાવવા બેનરજી કમિશનનું ગઠન કરવું, શાહબાનુ કેસમાં મુસ્લિમ મહિલાઓના ભરણપોષણના અધિકારને અનુમોદન આપતા સુપ્રીમ કોર્ટના ચુકાદાને રદબાતલ કરવાનો નિર્ણય, કેરળમાં મુસ્લિમ ત્રાસવાદીને છોડી મૂકવા માટે વિધાનસભામાં ઠરાવ પસાર કરવાનો નિર્ણય, ત્રણ તલાકની વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ઐતિહાસિક ચુકાદાને રાજ્યસભામાં બહાલી ન આપવાનો મામલો જેવા કિસ્સાઓમાં કોંગ્રેસ દ્વારા માત્ર ને માત્ર મુસ્લિમ કટ્ટરપંથીઓને ખુશ કરી મતોનું રાજકારણ ખેલવાની મેલી મુરાદ વ્યક્ત થઈ હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

૫૫ જેટલા મુસ્લિમ દેશોમાં હજ માટે કોઈ જ પ્રકારની સબસીડી આપવામાં આવતી નથી ત્યારે માત્ર ને માત્ર મુસ્લિમોના મત કબ્જે કરવા માટે કોંગ્રેસ દ્વારા હજ સબસીડીની શરૂઆત કરવામાં આવી હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટીની આગેવાનીમાં બનેલી કેન્દ્ર સરકાર દ્વારા સૌનો સાથ સૌનો વિકાસનો મંત્ર અપનાવીને 'Justice to all, Appeasement to none' અમલમાં મૂકીને વિકાસની રાજનીતિ શરૂ કરી હોવાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા મુસ્લિમોને આપવામાં આવતી હજ સબસીડી ૨૦૨૨ સુધીમાં તબક્કાવાર નાબૂદ કરવાનો નિર્દેશ આપતાં કેન્દ્ર સરકાર દ્વારા હજ સબસીડી ૨૦૧૮ થી જ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી જે નાણાં બચશે તેનો ઉપયોગ મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સમુદાયના સશક્તિકરણ માટે વાપરવાનો કેન્દ્ર સરકારની હજ સબસીડી નીતિ નક્કી કરવા માટે બનાવવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણયને અનુમોદન આપવા માટે વિધાનસભામાં આજરોજ ધારાસભ્યશ્રી મહેશકુમાર રાવલ દ્વારા રજૂ કરવામાં આવેલા બિન સરકારી સંકલ્પને સત્તાધારી અને વિપક્ષના સભ્યોએ વધાવી લઈ સર્વાનુમતે અનુમોદન આપતા ગૃહ દ્વારા સંકલ્પનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

સંકલ્પ પરની ચર્ચામાં પોતાનો મત વ્યક્ત કરતા ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ શાસકોએ માત્ર ને માત્ર મુસ્લિમોના મત અંકે કરવા માટે હજ સબસીડીની શરૂઆત કરી મુસ્લિમ તૃષ્ટિકરણની રાજનીતિનો પ્રારંભ કર્યો હતો. પરંતુ કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનતાં હિન્દુ- મુસ્લિમ એવો ભેદ દૂર કરીને 'સૌનો સાથ સૌનો વિકાસ'નો મંત્ર અપનાવ્યો છે. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વર્ષોથી મુખ્ય ધારાથી અલિપ્ત થઈ ગયેલા મુસ્લિમ સમુદાયને મુખ્ય ધારામાં જોડવામાં રહી ગયેલી કચાશ દૂર કરવાનો કેન્દ્રની ભાજપ સરકારે નિષ્ઠાથી પ્રયાસ શરૂ કર્યો છે. હજ સબસીડી બંધ થવાથી રૂા. ૭૦૦ કરોડની રકમ યુવતીઓના શિક્ષણ અને ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણ માટે ખર્ચ કરવામાં આવશે.

●

# ભૂગર્ભજળના વધુ પડતા શોષણ અને સપાટીજળની સંગ્રહશક્તિ વધારવા તેમજ કાર્યદક્ષ પદ્ધતિથી વિતરણ કરવા રાજ્ય સરકારનું સઘન આયોજન - જળસંપત્તિ મંત્રીશ્રી પરબતભાઈ પટેલ

જળસંપત્તિ મંત્રીશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું છે કે ગુજરાતમાં ૧૯૯૫ પછીના શાસનમાં જળવ્યવસ્થાપન ક્ષેત્રે કેટલીક નિશ્ચિત દિશા અને ચોક્કસ નીતિ વિષયક કાર્યરીતિ અમલમાં મૂકી છે. ભૂગર્ભજળના વધુ પડતા શોષણને લઈને ઉદ્ભવેલ ચિંતાજનક પરિસ્થિતિથી બહાર આવવા સપાટીજળ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રાજ્ય સરકારે સપાટીજળની સંગ્રહશક્તિ વધારવી અને તેનું સક્ષમ અને કાર્યદક્ષ પદ્ધતિથી વિતરણ કરવા એમ બંને આયામો ઉપર ઠોસ કદમ ઉઠાવ્યાં છે, જેના પરિણામે ભૂગર્ભજળ ઊંચે આવ્યાં છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના સબળ નેતૃત્વ અને માર્ગદર્શનના આધારે જળ વ્યવસ્થાપન, જળ વિતરણમાં સહયોગ મેળવીને અનેક સારાં પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે. જળ વ્યવસ્થાપનમાં જ્યારે પાણીની ઉપલબ્ધિ મર્યાદિત હોય અને તે પણ વર્ષના માત્ર ત્રણ જ મહિનામાં શક્ય બનતું હોય ત્યારે સંગ્રહશક્તિમાં ઉમેરો કર્યા સિવાય દઢતા અને સુનિશ્ચિતતા હાંસલ કરવી સંભવ નથી. જળસંપત્તિ વિભાગ પાસેની ૧૯ મોટી, ૯૦ મધ્યમ અને ૯૭૫ નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ કરવા ઉપરાંત રાજ્ય સરકારે ૧,૬૮,૯૨૯ ચેકડેમો, ૩૪૫૩૬ અનુશ્રવણ તળાવો તથા તળાવો ઊંડા ઉતારવાની મહત્ત્વની કામગીરી હાથ ધરી સંગ્રહશક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે અને તેના કારણે વંચિત વિસ્તારોમાં ખેતી અને પશુપાલન તથા પીવા માટે પાણી ઉપલબ્ધ કરાવી શકાયેલ છે. છેલ્લાં વર્ષોમાં રાજ્ય સરકારે ૮૭ નવી મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓ હાથ ધરેલ છે, જેમાંથી ૬૯ બંધોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આદિજાતિ વિસ્તાર માટે રૂ.૮૫૭ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે, જેમાં મહીસાગર અને દાહોદ જિલ્લા માટે કડાણા જળાશય આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનાઓ માટે રૂ.૧૨૦ કરોડ, વાલીયા, ઝઘડીયા અને માંગરોળ વિસ્તારના સિંચાઈથી વંચિત આદિજાતિ વિસ્તારને લાભ આપવા માટે કરજણ જળાશય આધારિત ઉદ્વહન સિંચાઈ યોજના માટે રૂ.૧૧૮ કરોડ, કાકરાપાર ગોરધા સુધીની ઉદ્વહન સિંચાઈ યોજના માટે રૂ.૧૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આદિજાતિ વિસ્તારની યોજનાઓમાં નહેર સુધારણાનાં કામો માટે ૧૧૨ કરોડની જોગવાઈ કરેલ છે. આ ઉપરાંત સિંચાઈથી વંચિત સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના આદિજાતિ વિસ્તારના લોકો માટે ઉકાઈ જળાશય આધારિત નવીન ઉદ્વહન સિંચાઈ યોજનાઓ માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે, જેનાથી આદિજાતિ વિસ્તારનાં ૧૮૨ ગામોને ૩૦૭૮૪ હેક્ટર વિસ્તારને સિંચાઈનો ફાયદો થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જળસંચય ક્ષેત્રે સિંચાઈ વિભાગે ઘણી સારી કામગીરી પૂર્ણ કરેલ છે, જેને આગળ ધપાવતા જળસંચયના નાના મોટા ચેકડેમ, તળાવો ઊંડા કરવા, ચેકડેમ રિપેરીંગ અને જળાશયોમાંથી કાંપ દૂર કરવા માટે રાજ્ય સરકારે રૂ.૩૫૭ કરોડની જોગવાઈ કરેલ છે.

હયાત સિંચાઈ યોજનાઓની નહેરો વર્ષો જૂની હોવાથી પાણીનું સીપેજનું પ્રમાણ વધારે થતું હોવાથી પાણી કમાન્ડ વિસ્તારના તમામ ખેડૂતોને પહોંચાડવામાં મુશ્કેલી અનુભવાય છે. તેમ જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ સમસ્યાના નિરાકરણ માટે રાજ્ય સરકારે રૂ.૪૭૫ કરોડની જોગવાઈ કરેલ છે, જેમાં નહેર સુધારણાની કામગીરી તેમજ હયાત કેનાલ નેટવર્કને કટીંગ કેનાલમાં ફેરવવાની કામગીરી થવાથી છેવાડાના ખેડૂતોને પાણી મળશે.

ઉત્તર ગુજરાત માટે અગત્યની સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત કેનાલની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. કડાણા ડેમથી બનાસકાંઠાના રાહગામ સુધી નહેર બનાવેલ છે, જેનાથી ૭૦,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈનો લાભ મળે છે. આ ઉપરાંત ૧૧ પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરી ૪૫૩ જેટલાં તળાવોનું જોડાણ કરેલ છે. સુજલામ્ સુફલામ્ યોજનાથી કુલ ૭૦૯ તળાવોનું જોડાણ કરેલ છે. ૬૭૯ ગામ અને ૮ શહેરને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. સુજલામ્ સુફલામ્ યોજના માટે આ વર્ષે રૂ.૨૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

## ‘આનંદીબહેન પટેલ-કર્મયાત્રી’ પુસ્તકનું વિમોચન



# શ્રીમતી આનંદીબહેન પટેલ રાજ્યપાલશ્રીના પદ સુધી પહોંચ્યાં છે તે નવી પેઢી માટે માર્ગદર્શકરૂપ બની રહેશે

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને વર્તમાનમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ વિશે આલેખિત પુસ્તક ‘આનંદીબહેન પટેલ-કર્મયાત્રી’ નામના પુસ્તકનું વિમોચન રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, જાણીતા કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા તથા અન્ય ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું કે, ખેડૂતની દીકરીથી લઈને મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રી સુધીની આનંદીબહેન પટેલની સફર એ આરોહણની યાત્રા સમાન છે. તેમના જીવન-કવનને દર્શાવતું આ પુસ્તક પ્રેરણારૂપ બની રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.



રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પુસ્તકમાં આનંદીબહેનના જીવનની કર્મઠતા, અડગ કૃતનિશ્ચયતાની ઝાંખી થાય છે, જે તેમના જીવનને દર્શાવે છે તેથી આ પુસ્તકનું નામ કર્મયાત્રી સર્વથા ઉચિત છે.

પુસ્તકમાં વર્ણવેલા પ્રસંગો જીવનમાં ઉતારવા જેવા અને સાર્વજિનક જીવનમાં અમલમાં મૂકવા જેવા છે. મહિલાઓ માટે આ પુસ્તક ખાસ પથદર્શક બની રહેશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, શ્રીમતી આનંદીબહેને સત્તામાં હોય કે ન હોય છતાં ગ્લેમરથી અંજાયા સિવાય પ્રજા સંવેદનાને ઝીલીને કામ કર્યું છે.

તેમણે કહ્યું કે, શ્રીમતી આનંદીબહેને કરેલા મહિલાઓ માટેના નિર્ણયો તથા યોજનાઓથી કરોડો ગરીબ અને વંચિત લોકોને લાભ થયો છે.

પરિવારના પાલન-પોષણ સાથે રાજકીય કાર્યકર્તા તરીકે સફર શરૂ કરી, નિષ્ઠા અને રાષ્ટ્રભક્તિના સથવારે રાજ્યપાલશ્રીના પદ સુધી પહોંચ્યાં છે તે નવી પેઢી માટે માર્ગદર્શકરૂપ બની રહેશે.




**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, આનંદીબહેને કટુ આલોચકોએ પણ સ્વીકારવું પડે તેવું કાર્ય સ્વ-પ્રસિદ્ધિથી દૂર રહીને કર્યું છે. શિક્ષક, વિદ્યાર્થી કે સમાજસુધારકના ત્રણેય તબક્કાઓમાં તેમણે સમાજની રૂઢિઓ અને સામાજિક બદીઓ સામે અવાજ ઉઠાવી નીડરતાથી કાર્ય કર્યું છે. કડકાઈ હોવી અને છતાં કટુતા ઊભી ન થવા દેવી અને શિસ્તબદ્ધતાથી આગળ વધવાનો સ્થિતપ્રજ્ઞતાનો ગુણ આનંદીબહેનના જીવનમાંથી પડઘાય છે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. શ્રી અમિતભાઈએ કહ્યું કે, ટોડરમલ અને અંગ્રેજો પછી મહેસૂલના કાયદાઓમાં અનેક સુધારાઓ તેમણે તેમના મહેસૂલ મંત્રી તરીકેના કાર્યકાળમાં કર્યા હતા તેની વિશદ વિગતો આપી હતી.**

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોઈપણ માર્ગમાં અનેક વિટંબણાઓ અને પડકારો આવતા હોય છે છતાં આનંદીબહેને આ બધાને વળોટી નવી પેઢી માટે એક આદર્શની સ્થાપના કરી છે તેવું તેમનું વ્યક્તિત્વ છે જે પુસ્તકમાં આબેહૂબ ઝિલાયું છે.

મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, આનંદીબહેને કોઈપણ સમયે નીડરતાથી કાર્ય કર્યું છે અને તેમની આવી અડગતાને કારણે લોકોને તેઓમાં પૂરો વિશ્વાસ આવતો હતો જે તેમની સફળતાની નિશાની છે.

મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રી અને જેમના પર આ પુસ્તક લખાયું છે તેવાં શ્રીમતી આનંદીબહેન પટેલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, માતા-પિતાના સહકાર અને મોટી બહેનની હૂંફ દ્વારા જીવનના પાઠ અને શાળા- કૉલેજમાં શિક્ષકો-અધ્યાપકોના શૈક્ષણિક સહકારને કારણે રાજ્યપાલશ્રી સુધીના હોદ્દા સુધી પહોંચવાનો આનંદ છે.

સમાજની સ્થાપિત રૂઢિઓ દૂર કરવા માટે પોતે પોતાના કર્તૃત્વથી પોતાની જાતને સાબિત કરવી પડે છે અને તો જ સમાજ તેનો સ્વીકાર કરી આચરણમાં મૂકતો હોય છે. તેનાં અનેક વ્યક્તિગત જીવનનાં ઉદાહરણો આપી કેવી વિકટ અને વિષમ પરિસ્થિતિઓમાં તેમણે શિક્ષણ મેળવ્યું હતું તેની અજાણી વિગતોની છણાવટ કરી હતી.

મહિલા અને બાળકલ્યાણ પ્રત્યે પોતે આજે પણ સંવેદનશીલ છે અને જે દિવસે મહિલા શિક્ષિત હશે તે દિવસે મહિલાઓને લગતા અનેક પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જશે તેવી શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી હતી. આ અવસરે જાણીતા કથાકાર શ્રી પૂજય રમેશભાઈ ઓઝાએ આશીર્વચન પાઠવ્યાં હતાં. જાણીતા કટારલેખક શ્રી જય વસાવડાએ પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. પુસ્તકના પ્રકાશક શ્રી ઉલ્હાસભાઈ લાટકરે પુસ્તક-પ્રકાશનની ભૂમિકા આપી હતી.

આ પુસ્તક-વિમોચન પ્રસંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી, મેયર શ્રી ગૌતમભાઈ શાહ, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, વરિષ્ઠ પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. હર્ષદ પટેલ

# અમારા માટે દેશ સૌ પ્રથમ છે દેશ માટે શહીદ થનાર પ્રથમ છે

## - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી




શહીદ દિનની પૂર્વસંધ્યાએ કર્ણાવતી ખાતે રીવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર પર શહીદોને વીરાંજલિ આપવા વિરાટ કવિ સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. હજારોની સંખ્યામાં શહીદોને વીરાંજલી અર્પણ કરવા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભાજપા દ્વારા શહીદ પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપા દ્વારા શહીદ પરિવારોને રૂ.૧ લાખની સહાયની આ પ્રસંગે જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજના આ પ્રસંગે ભાજપાની પંચનિષ્ઠા વિષે વાત કરતાં જણાવ્યું હતું કે અમારા માટે દેશ સૌ પ્રથમ છે. દેશ માટે શહીદ થનાર પ્રથમ છે. ભારત એ કોઈ માટીનો ટુકડો નથી પણ એક જીવતો જાગતો રાષ્ટ્રપુરુષ છે. શ્રી અટલ બિહારી બાજપાઈજીની પંક્તિઓને યાદ કરતાં જણાવ્યું હતું કે ભારતને વિશ્વગુરુ બનાવીને જ જંપીશું. અમારો ધ્યેય દેશની સીમાઓને સુરક્ષિત કરીને દેશને ભવ્ય અને દિવ્યતા તરફ લઈ જવાનું છે અને ‘લીવ ફોર નેશન’નો નારો આપ્યો હતો.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે આ મહામૂલી આઝાદી એમ ને એમ નથી મળી, હજારો લાખો યુવાનોના બલિદાન થકી આપણે આ આઝાદ ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ. આપણી સૌની જવાબદારી છે કે આઝાદ ભારતને નવી ઊંચાઈએ લઈ જઈએ અને ખાસ કરીને દેશના યુવાનો આ જવાબદારી લઈને દેશને આગળ ધપાવે.

યુવા મોરચના પ્રદેશ અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલે સૌનું સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે શહીદોની શહાદત આપણા આત્મામાં ગુંજી રહે તે માટે શહીદોને વીરાંજલિ આપવા માટે આવા કાર્યક્રમોનું આયોજન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાઓ અને મહાનગરોમાં આયોજિત કરવામાં આવશે.



### આગામી ૬ એપ્રિલના રોજ ભાજપાના ૩૯મા સ્થાપના દિન નિમિત્તે ગુજરાતના તમામ બુથો પર ‘ભાજપા બુથ પદયાત્રા’

શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ‘મનકી બાત’ એ ‘લોકમન’નું પ્રતિબિંબ છે. ‘લોકજાગૃતિ’નું માધ્યમ છે તેમજ ‘ન્યુ ઈન્ડિયા’ના નિર્માણ માટેની પ્રેરક દિશા છે. ‘મનકી બાત’ દ્વારા જનજીવનના અનેક વિષયોને આવરી લઈને હકારાત્મક, ઉત્સાહજનક અને પ્રેરણાત્મક પ્રસંગો દ્વારા એક કાર્ય પ્રેરણા અને યોગ્ય દિશા મળતી હોય છે.

આગામી ૬ એપ્રિલ-૨૦૧૮ના રોજ ભાજપાનો ૩૯મો સ્થાપના દિવસ છે. આ દિવસ એ ભાજપાની વિચારયાત્રા અને વિકાસયાત્રા માટેનો ઐતિહાસિક દિવસ છે. ભાજપાના ઈતિહાસ અને સંસ્મરણોને યાદ કરવાનો દિવસ છે તેમજ ભાજપાના દરેક કાર્યકર્તા માટેનો ગૌરવ દિવસ છે. આ દિવસ નિમિત્તે આગામી ૬ એપ્રિલના રોજ ભાજપા દ્વારા ગુજરાતના તમામ બુથો પર ‘ભાજપા બુથ પદયાત્રા’ કાઢવામાં આવશે. આ યાત્રામાં સમગ્ર ગુજરાતના દરેક બુથમાં ભાજપાના ઝંડા, ખેસ સહિત ઢોલ-નગારાં સાથે ભાજપાની ઈતિહાસગાથા, સંસ્મરણો તેમજ કેન્દ્ર અને ગુજરાતની ભાજપા સરકારોની જનહિતની કામગીરીઓની માહિતી આપતી પત્રિકાઓ જન-જન સુધી પહોંચાડવામાં આવશે.

# બ્રહ્મલીન થયા જગદ્‌ગુરુ જયેન્દ્ર સરસ્વતી

**(૧૮ જુલાઈ, ૧૯૩૫ - ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮)**

કાંચી કામકોટિ પીઠના પ્રમુખ જગદ્‌ગુરુ શ્રી જયેન્દ્ર સરસ્વતી શંકરાચાર્ય ૨૮ ફેબ્રુઆરીના રોજ બ્રહ્મલીન થયા. તેમણે તમિલનાડુના કાંચીપુરમમાં અંતિમ શ્વાસ લીધો. તેઓ ૮૩ વર્ષના હતા. ૬૯મા શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીએ ન કેવળ રૂઢિવાદી પરંપરાઓને ફગાવી, પરંતુ મઠની ગતિવિધિઓનો વિસ્તાર કરીને સમાજકલ્યાણ, ખાસ કરીને દલિતોનું શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા મહત્ત્વપૂર્ણ કામ પણ કર્યાં. તેઓ વેદોના જ્ઞાની હતા. તેમણે મઠને એક નવી દિશા ચીંધી. પહેલાં આધ્યાત્મિક કાર્યો સુધી જ મઠ સીમિત હતો, પરંતુ શ્રી જયેન્દ્ર સરસ્વતીએ ધાર્મિક સંસ્થાનોને સામાજિક કાર્યો સાથે જોડ્યાં.

મુખ્યત્વે તેમનું ધ્યેય સમાજના સૌથી નીચલા સ્તરના લોકોને મદદરૂપ થવાનું હતું. પહેલાં મઠ કાંચીપુરમ અને રાજ્ય પૂરતું સીમિત હતો. તેઓ તેને ઉત્તર-પૂર્વનાં રાજ્યો સુધી લઈ ગયા. ત્યાં તેમણે સ્કૂલ અને હૉસ્પિટલ શરૂ કરી.

શ્રી જયેન્દ્ર સરસ્વતીનું મૂળ નામ સુબ્રમણ્યન અય્યર હતું અને તેમનો જન્મ ૧૮ જુલાઈ, ૧૯૩૫માં થયો હતો. ૬૮મા શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતીએ સુબ્રમણ્યનને ૨૨મી માર્ચ ૧૯૫૪ના રોજ કાંચી મઠના પીઠાધિપતિના પદ પર આરૂઢ કર્યા. તેમણે જ તેમનું જયેન્દ્ર સરસ્વતી નામાભિધાન કર્યું.

એ સર્વવિદિત છે કે કાંચી મઠ તમિલનાડુના કાંચીપુરમમાં આવેલો છે. આ પાંચ પંચભૂતસ્થાનોમાંનું એક છે. અહીંના મઠાધીશ્વરને શંકરાચાર્ય કહેવામાં આવે છે. દક્ષિણ ભારતનાં મહત્ત્વનાં સ્થળોમાંનું આ એક છે.




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વીટ પર લખ્યું, ‘જગદ્‌ગુરુ જયેન્દ્ર સરસ્વતીનું નિધન થવાથી ઘેરા દુઃખની લાગણી થઈ. તેઓ લાખો ભક્તો માટે અનુકરણીય રહેશે. તેમના આત્માને ઓમ્ શાંતિ.’ પછીના ટ્વીટમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લખ્યું, ‘જગદ્‌ગુરુ શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી સેવાકાર્યોમાં બધાથી આગળ હતા. તેમણે એવાં કેટલાંય સંસ્થાન શરૂ કર્યાં છે, જેના દ્વારા ગરીબો અને દલિતોના જીવનમાં ઘણો બદલાવ આવ્યો.’

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે પોતાના શોકસંદેશમાં કહ્યું કે કાંચી કામકોઠી પીઠના શંકરાચાર્ય પરમ પૂજ્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીની મહાસમાધિના સમાચાર મળ્યા. હું તેમના આકસ્મિક મૃત્યુથી અત્યંત દુઃખી અને સ્તબ્ધ છું. પોતાના ઉપદેશો, પોતાની વિદ્વત્તા, પ્રજ્ઞા અને ગરીબોને કરવામાં તથા વંચિતોનું કલ્યાણ કરવાના હેતુસર કરવામાં આવેલાં તે હરેક કાર્યને હંમેશાં યાદ કરવામાં આવશે.



શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે શંકરાચાર્ય પૂજ્યપાદ શ્રી જયેન્દ્ર સરસ્વતી અધ્યાત્મના એક જાજ્વલ્યમાન સ્તંભ હતા, તેમણે સમાજનું કલ્યાણ તથા ઉત્થાન માટે અમૂલ્ય યોગદાન આપ્યું અને માનવજાતિની સેવા કરી. તેમનું નિધન એ સમગ્ર માનવજાતિ માટે ન પુરાય એવી ખોટ છે. માનવકલ્યાણ અને આધ્યાત્મિકતાના પ્રચાર-પ્રસારમાં તેમનું યોગદાન સમાજ માટે સતત પ્રેરણા પૂરી પાડવાનું કામ કરશે. ભાજપા અધ્યક્ષશ્રીએ કહ્યું કે પરમપૂજ્ય શંકરાચાર્યજી પાંચ પંચમહાભૂત સ્થાનોમાંના એક કાંચી કામકોટિ મઠના ૬૯મા શંકરાચાર્ય હતા. ફક્ત ૧૯ વર્ષની ઉંમરે ૧૯૫૪માં તેઓ કાંચી કામકોટિ મઠના શંકરાચાર્ય પદ પર આરૂઢ થયા હતા.

એટલું જ નહીં, હિંદુ ધર્મના પ્રચાર-પ્રસારમાં મુખ્ય ભૂમિકા ભજવનાર શ્રી જયેન્દ્ર સરસ્વતીએ અયોધ્યામાં રામમંદિર નિર્માણના મુદ્દે પણ સારી એવી ભૂમિકા ભજવી હતી.

# શહીદ દિન





REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## સંસદસભ્ય બેઠક









**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.